
# અધ્યાત્મ

વર્ષ : ૯ ડીસેમ્બર–૧૯૮૭ અંક : ૩



## સદ્‌ભાવભરી ભેટ

સદ્‌ભાવભરી ભેટના પ્રવાહે અધ્યાત્મ માસિકને વાર્ષિક લવાજમ વધાર્યા સિવાય ટકી રહેવાની સંજીવની પૂરી પાડી છે; એમાં પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી તેમજ પૂ.માશ્રી સર્વેશ્વરીની શક્તિઓ જ કારણભૂત છે. વગર માગ્યે, આ ભેટનો પ્રવાહ ચાલ્યાં કરે છે; કારણ કે પ્રભુની દિવ્ય શકિતઓ વાંચકોને કોઈ ને કોઇ પ્રકારે પ્રેરણા પૂરી પાડતી રહે છે. છેલ્લે મળેલ આવી ભેટની વિગતો નીચે પ્રમાણે છેઃ-

૫૧-૦૦ સ્વ. શ્રી હેંદુજી ઠકરાજી પુરોહિત, ગામ કુંડી- આત્માની શાન્તિ માટે.

૨૩૫૧-૦૦ કેનેડાના વાર્ષિક તેમજ આજીવન ગ્રાહક ભાઈઓ તરફથી.

૫૧-૦૦ શ્રી હરસુખરાય પંડ્યા, રાજકોટ તરફથી પુત્ર હિતેષકુમાર તથા પુત્રી ધર્મિષ્ઠાના જન્મદિન નિમિત્તે.

૩૦૦-૦૦ શ્રી કરસનભાઇ રામભાઇ ભકત, સ્યાદલા.

૧૫-૦૦ શ્રી હરેન્દ્રભાઈ બી. સુરતીયા ઝણોર, આરોગ્યની સુખાકારી માટે.

૧૧-૦૦ શ્રી ઠાકોરભાઇ ગુલાબભાઇ દેસાઈ, સુરત.

૧૦૧-૦૦ એક સત્સંગી તરફથી.

૨૫-૦૦ શ્રી રાજુભાઇ મકવાણા, ધાંગધ્રા.

૨૫-૦૦ શ્રી જયેશ ચૌહાણ, મોરબી.

૩૩-૦૦ શ્રી જયેશભાઇ તથા દીપકભાઈ ભોજાણીના જન્મ-દિન નિમિત્તે-હર્ષના, જયેશ ને દીપ તરફથી.

૧૦-૦૦ એક સદ્‌ગૃહસ્થ તરફથી.

૫૧-૦૦ શ્રી ચંદ્રવિદ્યાબેન પી. મિસ્ત્રી, છોટા ઉદેપુર સદ્‌ગત માતુશ્રી ચંપાબેનના સ્મરણાર્થે.

૫૧-૦૦ શ્રી રણછોડલાલ બી. પંચોળી, સંખેડા સ્વ. પત્ની ચંપાબેનના સ્મરણાર્થે.

( પૃષ્ઠ ૬૪ ઉપર )

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૮ અંક : ૩ છૂટક નકલ ૨-૦૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫-૦૦ વિદેશમાં રૂા. ૧૨૫-૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક :** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ.

**તંત્રી-સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.

**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : ૨૮૬૯૩

**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બારડીગેટ ભાવનગર-૧

### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.

દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

# * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| ગંગાની ગોદે મા સર્વેશ્વરીના સાન્નિધ્યે | શ્રી વિજય પંડિત | ૯ |
| ક્ષણિક જીવનથી નિરાશા તથા અનંતનો આશ્રય | ઈશ્વરભાઈ એમ. શાહ | ૧૯ |
| મનનો સંયમ | રમણ મહર્ષિ | ૨૪ |
| સ્વામી નારાયણ સંપ્રદાય—એક પરિચય | પરમાર્થી | ૨૫ |
| પૂજ્ય મા જ્યોતિર્મયી | યોગેશ્વર ધ્યાન કેન્દ્ર—વડોદરા | ૩૨ |
| જીવન સંઘર્ષ | રતિલાલ ભાવસાર | ૩૪ |
| સાર્થક જીવન | પિનાકીન્ ના. જાની | ૩૫ |
| સદ્‌ગુરુ—ભગવત્ પ્રસાદ સંજીવની | ભાઈલાલભાઈ છાટબાર | ૩૬ |
| વંદના | ડૉ. ધર્મેન્દ્ર માસ્તર 'મધુરમ્' | ૩૯ |
| કોણ કહે છે...? | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૪૦ |
| એક સાધકના યોગાનુભવમાંથી (૬) | પુષ્કર ચંદરવાકર | ૪૧ |
| સ્વામી સંપૂર્ણાનંદજી—એક વિરલ વીતરાગી સંત | ઈશ્વરભાઈ શાહ | ૪૫ |
| પ્રકાશના પંથે | સં. પરમાર્થી | ૪૯ |
| પ. પૂ. માશ્રી સર્વેશ્વરીના જન્મદિનની અનોખો ઉજવણી | નારાયણભાઈ જાની | ૫૭ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |





# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૯ ડીસેમ્બર-૧૯૮૭ અંક : ૩


## શ્રી યોગેશ્વર કથામૃત

**વિક્રમ સંવત : ૨૦૩૬, શ્રાવણ સુદ દશમ તારીખ : ૨૧/૮/૧૯૮૦ સ્થળ : "સુભાષ" ૧૬૮૮, એ સરદારનગર, ભાવનગર—૧.**

આજે મંગલ પ્રભાતે સવારે છ ને પંદર મિનિટે આંખ ખુલી તો વાતાવરણ ખૂબ શાંત હતું. સ્નાન માટે રૂમમાંથી બહાર નીકળું છું ત્યાં પૂ. શ્રી પોતાના રૂમમાં શીર્ષાસન કરી રહ્યા છે તેનું દર્શન અર્ધાબંધ થયેલા દ્વારમાંથી થયું. ધન્યતાનો આનંદ અનુભવ્યો. મંગલ પ્રભાતે આવા મહાપુરુષનું દર્શન મંગલમય જ હોય ને! કેટલી બધી નિયમિત વ્યાયામની પ્રવૃત્તિ! લાંબી મુસાફરી કરીને આવ્યા હોઈ કદાચ આજે વ્યાયામ બંધ રાખશે એમ મેં કલ્પેલું, પણ નિયમિતતાના ઉપાસક વ્યાયામપ્રિય આ મહાપુરુષમાં વળી અનિયમિતતા કે આળશ હોય ખરી? મેં પણ સ્નાન કર્યા બાદ મારો વ્યાયામ [ દશ મિનિટ શીર્ષાસન, સર્વાંગાસન, યોગમુદ્રા, હલાસન, ત્રીસ જેટલા દંડ સાથે દરરોજનો ક્રમ ] કરી લીધો.

થોડી જ વારમાં પૂ. શ્રી બહાર આવ્યા, બ્રશ કરવા

માટે. પૂ. શ્રી જ્યાં બ્રશ કરવા આવે છે તેની સામે જ મારા રૂમનું દ્વાર હતું. પૂ. શ્રી બ્રશ કરીને મને પૂછી રહ્યા છે. વ્યાયામ કર્યો? સ્નાન જલ્દી કરી લીધું? કપડાં શા માટે ધોઇ નાંખ્યાં? વિગેરે, ત્યાં જ શ્રી નારાયણભાઈ જાની (પૂ. શ્રીના બાળસખા, વિશ્વાસુ સાથી, શ્રદ્ધાળું સાધક) જેઓ બાજુમાં જ રહે છે, તેઓ પૂ. માતાજી માટે ગરમ પાણી લઈને એમનાં પત્નિ શ્રી સરસ્વતીબેન સાથે આવી ગયા. વાત ચાલુ જ રહી જેથી મેં પૂછ્યું, "પ્રભુ, આપને ઊંઘ આવી હતી? કંઇક હૃદયમાં અશાંતિ તો નથી ને? પૂ. શ્રી કહે," ના, ઊંઘ આવી ગઈ હતી, શાંતિ જ છે. રાત્રે બાર વાગ્યે પૂ. માતાજીના રૂમમાં પૂ. માતાજી પાસે જઇને બેઠો હતો. બે વાર તેમને મળત્યાગની ઇચ્છા થતાં લઈ ગયો. વળી ત્રણ વાગ્યે સુઇ ગયો. "આટલી વાતચીત પછી પૂ. માતાજીને સ્નાન કરાવવા ટેબલ મંગાવી, બાથરૂમમાં લઈ જવા તેમની રૂમમાં ગયા. શ્રી નારાયણભાઇને રજા આપી. રૂમમાંથી પૂ. માતાજીને બ્રશ તેમજ મળત્યાગ માટે ધીમે રહી પ્રેમથી બહાર લઇ આવ્યા. માતાજીની દરેક ક્રિયામાં પૂ. શ્રી સાથી બનીને ઊભા રહ્યા છે. પૂ. માતાજીને સ્નાન કરાવી પોતે પણ સ્નાન કરી લીધું. મને પૂછવામાં આવ્યું, ગીતાપાઠ કર્યો? "મારી રૂમમાં આવી જાઓ" પૂ. શ્રીની આજ્ઞા થતાં ગીતા લઇ ૧૨ મો અને ૧૫ મો બે અધ્યાય મોટેથી સંસ્કૃતમાં વાંચી બતાવ્યા. પહેલી ઓગષ્ટથી સંસ્કૃતમાં ગીતાનો પાઠ કરવાનું શરૂ થયું છે.

બરાબર સાડા આઠ વાગ્યે શ્રી નારાયણભાઇ દૂધ લઇને આવી ગયા. આજે પૂ. શ્રીએ પ્રથમ માતાજીને કૉફી આપી પછી જ દૂધ લીધું. આજે ગુરુવાર હોઇ, સાંઇબાબાની સ્તુતિ ગાવામાં આવી. ત્યાં જ ઓચિંતા બે ભાઇઓ અને ડૉકટર



આવ્યા. લગભગ ૧૦ વાગ્યા સુધી પૂ. માતાજીની યોગ્ય સારવાર ડૉકટર પાસે બેસી પૂ. શ્રીએ કરાવી.

સવારે દશ ને વીસ મિનિટ થઈ, પૂ. શ્રીએ આજે લેખનકાર્ય કર્યું નથી. મારી ડાયરી મંગાવી. [ ગઈ કાલે કપૂરાથી ભાઇનો ટેલીગ્રામ હતો. વિગત એમ હતી કે તારીખ ત્રેવીસમીએ તેમના પૂત્રનું લગ્ન હોઈ મારી રાહ જુવે છે. કપૂરા જવું કે કેમ તે અંગેનો નિર્ણય પરમશક્તિ પાસે માંગવાનો હતો. હું દરેક નિર્ણય જે પરમશક્તિ પાસે માંગવામાં આવે છે તે મારી ડાયરીમાં જ લખવાનો આગ્રહ રાખું છું. જેથી પૂ. શ્રી પરમશકિત સાથે કેવી રીતે સંપર્ક કરી શકતા તેનો પ્રત્યક્ષ ઐતિહાસિક પુરાવો રહે ] "જવું હોય તો જઈ આવો, જરૂર નથી પણ ઇચ્છા છે તો જઈ આવો." "આજે નહીં આવતી કાલે સવારે." એ નિર્ણય આવ્યો.

અગિયાર વાગ્યે બેઠકની વાત જાહેર ન થઈ હોવા છતાં શ્રી નારાયણભાઇ, શ્રી જનાર્દન ભટ્ટ તથા અન્ય બે ત્રણ બહેનો જેમાં રંજનબેન દેસાઇ, નલિનીબેન મહેતા પણ આવીને બેઠાં છે. ગરમી લાગે તો પંખો અહીં નજીક જ છે, મૂકી દઇએ એના જવાબમાં પૂ. શ્રી કહેવા લાગ્યા કે, મીઠાઈની દુકાન બાજુમાં હોય તેથી કાંઇ થોડું ખાવું જ જોઇએ! જનાર્દનભાઇ ભટ્ટના ગઇકાલના સંસ્કૃતના પ્રવચનની વાત નીકળી. પૂ. શ્રી કહે, "ઘણા સંતોને આત્મસન્માન, આત્મગૌરવ હોતું જ નથી. લાલસા ન હોય, નિઃસ્વાર્થતા હોય તેજ આત્મગૌરવ જાળવી શકે. લાલસા માણસને મારી નાખે છે."

પૂ માતાજીની વાતો નીકળી તો પૂ. શ્રી કહે, "લકવો થયો ત્યારે માતાજીને સ્નાન કરાવી કપડાં પણ પહેરાવતો, સારવાર પણ કરી. તબિયત સારી નથી એટલે અહીં આવવાની ના પાડતાં હતાં. છેલ્લી પાંચ મિનિટમાં તૈયાર થયાં.

મેં એક જ વાકય કહ્યું, " મારું આટલું માનો " અને અસર શી થઈ તે વળી આવ્યાં. ઘણાં ના કહેતા હતા કે માતાજીના તન, મનને જોતાં લાગે છે કે તેઓ ભાવનગર ન આવે. પણ પરિસ્થિતિ ગમે તેટલી વિપરીત હોય તો પણ હું છેવટ સુધી આશા મૂકતો નથી. પ્રભુએ જ્યારે જે ધાર્યું હોય ત્યારે તે જ થાય. "

આ વાતચીત દરમ્યાન કોઈ બોલ્યું, " સારું થયું આવ્યાં તે સૌને મળી શકાયું. " એટલે પૂ. શ્રી કહે, " કોઈને મળીને શું કરવું છે ? ખરો આનંદ તો પ્રભુ ને જ મળવાથી થાય. ખરું તો એને જ મળવાનું છે ને ! આ તો ઠીક આપણા આત્માની પ્રસન્નતા માટે મળવું જરૂરી લાગે. બીજું શું ? "

આજની બેઠક બરાબર અગિયાર ને પાંત્રીસ મિનિટે પૂરી કરી કારણ કે પૂ. માતાજીને સમયસર ભોજન આપવું જરૂરી હતું, જેથી પૂ. શ્રી ખૂબ ખૂબ જાગૃત હતા. સમયસર ભોજન માટે અમે ત્રણે બેસી ગયાં. આજે પૂ. શ્રીએ દૂધ, ભાત, પુરી લીધા. પૂ. માતાજીએ પણ મનગમતું તદ્દન થોડું ભોજન લીધું. ભોજન બાદ પૂ. માતાજીને લીંબુનું શરબત પીવાની ઈચ્છા થઈ. પીધું, પણ તરત જ તે બધું ખોરાક સાથે નીકળી ગયું. પૂ. માતાજી સુઇ ગયાં. પૂ. શ્રી ભોજન અધુંજ લઈને ઝડપથી ઉઠી માતાજી પાસે પહોંચી ગયા ને બેઠા.

દરરોજ સુજબ થોડી સ્વસ્થતા આવતાં પૂ. શ્રી પેપર ઉપર નજર ફેરવે છે. સરસ્વતિ શીશુ મંદિરના ગરીબ વિદ્યાર્થીઓ માટે મસૂરી રતનલાલજીને રૂા. ૧૮૦૦ અને રૂ. ૯૦૦ ના બે ડ્રાફ્ટ મોકલે છે. પત્રમાં બીજી વિગતો પણ પૂ. શ્રી લખાવે છે, ફરી પૂ. માતાજી પાસે બેસે છે. તેમને કોફી બનાવડાવીને પીવડાવે છે. પૂ. શ્રી પોતાના આરામનો સંપૂર્ણ ભોગ આપી માતાજીની સેવામાં બેઠા છે. ચાર વાગ્યે પૂ.



માતાજી માટે નાળિયેરનું પાણી મંગાવી પોતે જ પીવડાવે છે.

માતૃભક્ત મહાત્માની અદ્દભુત અનુકરણીય સેવા છે. પૂ. શ્રીનું આ એક જ પાસુ માતૃભક્તિનું જો જોઈએ તો પણ આ મહાપુરુષ વંદનીય છે.

પૂ. શ્રી થાક અનુભવે છે પણ માતૃભકિત એવી પ્રબળ છે એટલે પોતાનો ( સંપૂર્ણ આરામ જરૂરી છે એવો ) વિચાર કર્યા વિના બેઠા છે. ચિંતા એ રહે છે કે, પૂ. શ્રી માંદગીના બિછાને ફરીથી ન પટકાય તો સારું. પૂ. શ્રી માટે હાલમાં ( પૂ. માતાજીની બિમારીને લીધે ) રાતદિવસ એકસરખા વીતે છે. રાત્રે પણ પૂ. શ્રી માતાજી પાસે જ બેસી રહે છે. સાડા પાંચે ફરીથી પૂ. શ્રી માતાજીને મોસંબીનો રસ પીવડાવે છે. પૂ. શ્રી પ્રવચન માટે તૈયાર થઇને તરત જ માતાજી પાસે આવી જાય છે. પૂ. માતાજીને તાવ ઉતરી ગયો હોઈ એક બેનને બેસાડી પૂ. શ્રી પ્રવચન માટે જવા તૈયાર થાય છે.

આજે પ્રવચન પહેલાં શ્રી નારાયણભાઈ જાની( પૂ. શ્રીના બાળસખા, સાધક શ્રેષ્ઠ, અધ્યાત્મના તંત્રી )એ મને ભજન ગાવાની વિનંતિ કરી થોડો જીવન ચિતાર આપ્યો. બાદ પૂ. શ્રીનું ભક્તિયોગ ઉપરનું બીજું પ્રવચન શરૂ થયું. અહીં ભાવનગરમાં આવેલો ટાઉનહોલ ભરચક હતો. જેટલા અંદર બેઠા હતા એટલા જ માનવો બહાર બેઠા હતા.

આજે પૂ. શ્રીએ ભકિતયોગની વ્યાખ્યા કરતાં ઉપનિષદ્દના બે પક્ષીઓ, જીવને શિવની વાતો કરી. ભકિતની પાયાની વાતોનો ઉલ્લેખ કરતાં કરતાં ભાવનગરની જનતાને મારો વિસ્તૃત રીતે પરિચય આપ્યો. સમર્પણભાવ, પ્રભુપ્રેમ કેવો હોય ! તેનો આદર્શ વર્ણવ્યો. વળી પૂ. શ્રીએ કહ્યું કે " મેં મારા જીવનમાં બેજ વ્યક્તિને વંદન કર્યા છે. નમસ્કાર કરું છું. પણ વંદન બેજ વ્યકિતને. એક મારા માતાજી અને

બીજા આ સર્વેશ્વરી માને." વિગેરે વાતો કરી રામદાસ ને કૃષ્ણાબાઈની, મહર્ષિ અરવિંદ ને માતાજી, દિલીપકુમાર રોય અને ઈન્દીરાદેવી, યોગાનંદ ને દયામાતા, સાગર મહારાજનાં શિષ્યા વગેરે સૌનો ઉલ્લેખ કર્યો.

પ્રવચન પૂર્ણ કરી ઉતારા ઉપર આવી ગયા. પૂ. માતાજીએ દૂધમાં મસાલો નાંખીને દૂધ લીધું હતું, સ્વસ્થ હતાં. પૂ. શ્રી માતાજી પાસે જ થોડું બેઠા. કપડાં બદલી આજે ગુરુવાર હોઈ પૂ. શ્રીએ બરફીના બે ટુકડા, બાફેલો એક બટાકો, એક કેળું ને દૂધ લીધું. ફરી પૂ. માતાજી પાસે આવી તેમને મલમ લગાડી આપ્યો ને ત્યાં જ બેઠા. શ્રીનારાયણભાઈ તથા સરસ્વતીબેન વિદાય થયાં તે પહેલાં પૂ. શ્રીએ ડાયરી માંગી, "અરે! ભાઇ લાવો, લાવો ભાઈ, લાવો, સંતોને સ્ત્રી કે પુરુષના ભેદ નથી. બાઈ પણ ભાઈ જ છે." આટલું કહ્યું. એટલે મેં ડાયરી ધરી ૨૧ મી તારીખના પાના ઉપર પરમશક્તિની આજે છેલ્લી આજ્ઞા, ઇચ્છા કે સૂચના શું છે? તે સંદેશો આપ્યો. જેમાં "કપૂરા જઈએ, હરકત નહીં આવે ત્યાં કે અહીં" જેથી સવારે કપૂરા તરફ જવાનું નક્કી થયું. અતુલ કૉન્ટ્રાકટર (શ્રી હરીશભાઈ મગનલાલ કૉન્ટ્રાકટર જેઓ બંને પૂ. શ્રીના અનન્ય ભક્ત–આણંદ–મૂળ સૂરતના પુત્ર) સાથે જવાનું નક્કી થયું છે. છતાં સવારે પરમશક્તિની શી આજ્ઞા છે તેના ઉપર આધાર છે.

ગઈકાલ કરતાં પૂ. શ્રી આજે આનંદથી વાતો કરતા હતા. સ્વસ્થ પ્રસન્ન હતા. આજે પ્રવચનમાં પણ ખૂબ પ્રસન્નતાથી સત્ય વસ્તુ ઉપર પ્રકાશ પાડ્યો. સદા પ્રસન્ન રહો એજ પ્રાર્થના આ જીવનની છે.

નિયમિત ડાયરી લેખન થાય છે. પૂ. શ્રીની પરમકૃપા છે. હરિ ૐ.

(ક્રમશઃ)

–મા સર્વેશ્વરી



# ગંગાની ગોદે મા સર્વેશ્વરીના સાન્નિધ્યે

શ્રી વિજય પંડિત

પરમ તપસ્વીની મા સર્વેશ્વરી પૂ. શ્રી યોગેશ્વર પ્રભુની પ્રેરણા મુજબ તા. ૨૭/૯/૮૭ થી તા. ૧૦/૧૦/૮૭ સુધી હરદ્વારમાં નવરાત્રિમાં મૌનવ્રત રાખી એકાંતવાસ કરવાનાં હતાં. પરમ પૂજ્ય શ્રી મા–પ્રભુની કૃપાથી જ તેમનું દેવ-દુર્લભ સાન્નિધ્ય અમને નવરાત્રિના પવિત્ર દિવસોમાં હર-દ્વાર જેવા પાવનધામમાં પ્રાપ્ત થયું. આ યાત્રામાં પૂ. મા–પ્રભુની કૃપાથી નવ સાધકોને પૂજ્ય માના સાન્નિધ્યમાં અલૌકિક આનંદ અને જીવન ઘડતરના વિકાસની સાથે સાથે તેમની વિભિન્ન લીલાઓના દૃષ્ટા કે સાક્ષી બનવાનું પરમ સદ્ભાગ્ય સાંપડ્યું. મહાપુરુષોનું સાન્નિધ્ય તો સાંપડે પણ આપણા જીવનમાં વિવેક કે ગુણગ્રાહક દૃષ્ટિ ન હોય તો આપણા જીવન વિકાસનો હેતુ સફળ ન થઈ શકે. પ. પૂ. મા તો પોતાના આચરણ દ્વારા જ આદર્શ જીવન જીવી બતાવે છે. તેમના આચરણમાંથી સર્વોત્તમ સંદેશ ગ્રહણ કરવા અમે જાગૃત રહેતા.

આ યાત્રાની વિશેષતા એ હતી કે પૂ. મા નવરાત્રિ દરમ્યાન મૌન રાખી સાધના કરવાનાં હતાં. તેથી કોઈ જાહેર કાર્યક્રમ કે જાહેર સત્સંગ રાખ્યો નહોતો. પૂ. માએ સૌને પોતપોતાની રીતે સાધના કરવાની છૂટ આપી હતી. છતાં પણ દરેક સાધકની આધ્યાત્મિક પ્રવૃત્તિ ઉપર પૂ. માનું સતત ધ્યાન રહેતું. પૂ. માએ પોતાનું સમગ્ર ધ્યાન સાધનામાં જ

એકાગ્ર કરેલું. આ દિવસોમાં તેઓએ મૌન રાખી પોતાની તપશ્ચર્યા થોડીક આગળ વધારી. બે દિવસ માત્ર હવા ઉપર અને ત્રીજે દિવસે થોડુંક પાણી કે દૂધ પ્રભુની ઈચ્છા મુજબ લેવાનું બનતું. પરંતુ પૂ. મા ભાગ્યે જ થોડુંક લઈ શકતાં. પૂ. મા હિમાલયના જેવી અડગ શ્રદ્ધાથી ને ગંગાજીના પ્રવાહની જેમ ઉત્સાહ ને શકિતથી સંપન્ન બની આગળ ને આગળ વધતાં. આવા કઠણ ઉપવાસો દરમ્યાન પણ પૂ. મા દરરોજ ૧૩૪ પગથિયાં ચઢી ઊતરીને પરમપવિત્ર મા ભાગીરથીમાં સ્નાન કરી પરસ્પર વધુ પવિત્ર અને ધન્ય બને છે.

નવરાત્રિના આ પવિત્ર દિવસોમાં પૂ. માને રાષ્ટ્રપિતા ગાંધીજીનું ખૂબ સુંદર અને સ્પષ્ટ તેમજ સંત શ્રી રણછોડદાસજી બાપુનું પણ દર્શન થયું. તો વળી સર્વોત્તમ સાધકને પણ દુર્લભ એવું પરમશક્તિના નિર્ગુણસ્વરૂપનું પ્રકાશદર્શન તો પૂ. માને અવારનવાર થયાં જ કરે છે. પૂ. માના બધા સંકલ્પો પૂર્ણ કરાવે છે અને કયારેક તેમને થતી ચિંતા પણ પ્રભુ દૂર કરી દે છે.

યાત્રાની શરૂઆતના દિવસોમાં પાલનપુરના શ્રી વિજયભાઈ પુરોહિત (બાપજી)ની પૂ. મા રાહ જોતાં. પૂ. શ્રી માને તેમની થોડીક ચિંતા થઈ ત્યારે સ્વપ્નાવસ્થામાં પૂ. માને માર્ગદર્શન મળ્યું કે શ્રી વિજયભાઇ પુરોહિત તા. ૧ લી ની આસપાસ હરદ્વાર આવી જશે; અને ખરેખર તા. ૨ જી ની વહેલી સવારે તેઓ હરદ્વાર આવી પહોંચ્યા. ખરેખર, પૂ. માને આવેલું સ્વપ્ન પણ કેટલું બધું સાચું હતું !

પૂ. માને મૌન હોવા છતાં પણ સહયાત્રીઓ માટે તેઓ થોડો સમય બહાર આવીને લોબીમાં બેસતાં. બપોરે પણ



આર્યનિવાસના ગંગાઘાટે તેઓ સ્નાન કરી બેસતાં. આથી અમને સહુને દર્શનનો દેવદુર્લભ લાભ મળતો. મૌન રાખી સાધના કરવા છતાં પૂ. મા કયારેક ખૂબ રમુજ કરી, સંકેતો દ્વારા હસાવી સહુને પ્રસન્ન કરી દેતાં, પરંતુ જ્યારે તેઓ પોતાની રૂમમાં પ્રવેશી જતાં ત્યારે "અમે સહુનાં, છતાં કોઈનાંય નહિ"–એમ એક જુદી જ મસ્તીની દુનિયામાં વિહાર કરતાં જણાતાં."

પૂ. મા ગંગાકિનારે બેસીને નિયમિત લેખનકાર્ય કરતાં. પ. પૂ શ્રી યોગેશ્વરજીના જીવન પર તેઓએ લેખો લખ્યા. સ્વામી રામતીર્થ, સંત તુકારામ, સંત રણછોડદાસજી જેવા સંતોનાં પુસ્તકો વાંચી તેમાંથી પ્રેરણા મેળવતાં. સાધકો પણ પોતાની રીતે સાધના કરતા. કોઇ જપ કરતા, કોઇ રામાયણનું પારાયણ કરતા તો કોઈ પ્રેરણાદાયી પુસ્તકો વાંચતા. ગંગાજીના પ્રવાહના અવાજની સાથે આપણા મનને જોડવાથી તથા મનમાં ઇષ્ટમંત્રનો જાપ કરવાથી મન જલ્દીથી એકાગ્ર બને છે, તે પણ પૂ. માએ સમજાવ્યું.

ચાર પાંચ દિવસ સુધી એક કાગડો પૂ. શ્રી માના દર્શને નિયમિત આવતો અને પોતાના બીજા મિત્રોને પણ બોલાવી લાવતો. પૂ. મા વાંદરાને પણ બરફીનો પ્રસાદ સ્વહસ્તે ખવડાવે છે. આ રીતે પશુ–પંખી પણ પૂ. માના દર્શનથી ધન્યતા અનુભવે છે.

આપણા મનમાં ચાલતી પ્રાર્થનાનો પૂ. મા તુરત જ પ્રત્યુત્તર વાળતાં. તેથી તેઓ અન્તર્યામી છે તેવી સહજ પ્રતીતિ અમો સહુને થતી.

પૂ. મા શ્રી રંગઅવધૂતના પ્રાર્થના ખંડમાં અચાનક

પધાર્યાં અને આવીને ઢોલક વગાડવા અને ધૂન ગવડાવવા લાગ્યાં. ટેબલ ઉપર પૂ. મા પ્રભુની તથા શ્રી સાંઈબાબાની તસ્વીરો હતી. પૂ. માની તસ્વીર વચ્ચે હતી. તે ખસેડી પૂ. શ્રી પ્રભુની બાજુમાં મૂકી અમને શીખવાડયું કે તસ્વીરો પણ યોગ્ય સ્થાને જ મૂકવી જોઈએ.

આર્યનિવાસમાં ઊતરેલા યાત્રાળુઓ પણ શ્રી રંગઅવધૂતના દર્શને આવતા. તેમના સમાધિખંડમાં બેસી પોતાની ઇચ્છા મુજબ જપ–ધ્યાન કરતા. એક દિવસે શ્રી મુક્તાનંદ બાબાના બે શિષ્યો પૂ. માના દર્શને આવ્યા, ત્યારે પૂ. માએ તેમના જ ગુરુદેવમાં શ્રદ્ધાભક્તિ વધારવા કહ્યું. તેમની સમક્ષ તેમના જ ગુરુદેવ વિશે વાતો કરતાં કરતાં જ્યારે તેઓએ પૂ. શ્રી શંકર મહારાજની ગુરુગીતા સંભળાવી ત્યારે તેમને તે ખૂબ ગમી. તેઓએ આ ગીતા ઉતારવા માગણી કરી ત્યારે પૂ. માએ પોતાના ખર્ચે તેમને ગુરુગીતા લાવી મોકલાવીશ તેમ કહ્યું. તેમનું સરનામું પણ લીધું. આ રીતે કોઇ પણ સાધક ગમે તે માર્ગે પ્રભુ તરફ વળે તેને પૂ. મા પ્રોત્સાહન આપતાં.

નવરાત્રિ પછીના દશેરાના દિવસે પૂ. મા અમારા ઓરડામાં પધાર્યાં અને જાતે જ ભેળ બનાવી. પછી વાસણો, સ્થાન, ભેળ વગેરે પર શ્લોક સાથે ગંગાજળનો છંટકાવ કરી અશુદ્ધિ દૂર કરી અને દરેકને ભેળ પીરસી પારણા કરાવ્યાં. પૂ. માના વાત્સલ્યભાવનું આમાં અવનવું દર્શન થાય છે.

અગિયારસના પવિત્ર દિવસે પૂ. માનું મૌનવત પૂરું થવાનું હતું. સવારે ૯-૦૦ વાગે પૂ. માના ઓરડામાં અમે ગયા. પૂ. મા—પ્રભુના ઓરડામાં એકદમ શાંતિ, પ્રસન્નતા. પવિત્રતાને લીધે અમારા સર્વનાં મન સહજ રીતે જ અન્તર્મુખ



બનવા લાગ્યાં. પૂ. માએ નીચેની પંક્તિઓ ગાઈ મૌનવ્રત પૂરું કર્યું:–

"જય જય જય ગુરુદેવ પ્રભુ,
જય જય જય ગુરુદેવ પ્રભુ."

અને પૂ. મા તરત જ ગાવા લાગ્યા !

"સરોડાનંદન શ્રી ગોપાળ, હે યોગેશ્વર કરું પ્રણામ."

–આ પંક્તિ ગાઈને પૂ. માએ પ્રભુને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને અમને હાથના ઇશારાથી કહ્યું કે ચાલો આપણે સહુ સાથે જ ૧૦૮ વાર સાષ્ટાંગ દંડવત્ સાથે કરીએ. અમે બધાંએ પણ પૂ. મા સાથે ૧૦૮ વાર દંડવત્ કર્યાં. આ નવીન પ્રયોગ પ. પૂ. યોગેશ્વરજીની પ્રેરણાથી જ થયો હોય તેવું લાગ્યું. બીજા જ દંડવતે પૂ. માને પ્રકાશનું દર્શન થયું. અમારું મન પણ ખૂબ જ નીરવ શાંતિનો અનુભવ કરવા લાગ્યું. મુસ્લીમભાઇઓ નમાજ પઢે છે ત્યારે જેવું દશ્ય ખડું થાય છે, તેવું દશ્ય ખડું થયું.

સામાન્ય રીતે પૂ. શ્રી મા પોતાના ડાબા હાથે લખે છે, પરંતુ નવરાત્રિના ચોથા દિવસથી પૂ. મા પોતાના જમણા હાથે ડાયરીમાં પાનું ભરીને પ્રાર્થના લખતાં. જમણા હાથે લખાએલા અક્ષરો ખરેખર ખૂબ જ સુંદર લાગ્યા.

પોતાની બાજુના રૂમમાં ઊતરેલા યાત્રાળુઓને પણ પ્રસાદ મોકલે છે. આર્યનિવાસમાં સેવા આપતા દરેક નોકર ભાઇને પૂ. મા દરરોજ પ્રસાદ મોકલાવે છે.

પૂ. માની બાજુના રૂમમાં એક પ્રતિષ્ઠિત તથા ઉચ્ચ હોદ્દો ધરાવતા ગુરુકુલ કાંગડીના મુખ્ય કાર્યકર્તા શ્રી સોમનાથ મારવાહ આવ્યા. તેમની શાંતિમાં ભંગ ન થાય તે માટે

રાત્રે નવ કે દસ પછી ખૂબ જ ધીમેથી ભજનકીર્તન કરવાની પૂ. માએ અમો સહુને સૂચના આપી. તેમને જેમાં શ્રદ્ધા-ભક્તિ હતી તેને લગતી જ વાતો પૂ. શ્રી મા કરતાં. શ્રી દયાનંદ સરસ્વતીમાં તેમને વિશેષ શ્રદ્ધા હતી. પૂ. શ્રી મા દયાનંદ સરસ્વતીના જીવન, સદુપદેશ વગેરેની વાતો કરે છે અને પૂ. શ્રી યોગેશ્વરજીનું 'એસેન્સ ઓફ ગીતા' પુસ્તક પ્રસાદીમાં આપે છે તથા 'પ્રકાશ પથ કા યાત્રી'ની નકલ મોકલાવીશ એમ જણાવે છે.

ઇન્દુબહેન નામના બહેન પૂ. માના દર્શને આવ્યા ત્યારે તેમના જ સદ્ગુરુદેવના જીવનમાંથી પ્રેરણાદાયી પ્રસંગો સંભળાવવા તેમને કહ્યું અને જ્યારે પૂ. શ્રી માએ જાણ્યું કે તેમના ગુરુદેવ દરરોજ ગંગાજળ લે છે ત્યારે પૂ. શ્રી માએ તેમના માટે ગંગાજળ મોકલાવ્યું અને અમારા પ્રણામ કહેજો એમ કહીને પ્રણામ પાઠવ્યા. આ પ્રસંગમાં પૂ. માની સરળતા, નમ્રતા તથા એક સંતનો બીજા સંત પ્રત્યેનો આદરભાવ જોવા મળ્યો.

સાધના દ્વારા પૂ. માનું શરીર અતિ પવિત્ર બની ગયું હોવાથી અસ્વચ્છ, અશુદ્ધ અને અશુભ સંસ્કારોવાળી વ્યક્તિ કે વસ્તુના સ્પર્શથી તેમને વેદના થાય છે તે પણ જોયું.

દરેક સાધકમાં રહેલી નબળાઇને પિછાની મા તેને પોતાની નબળાઈ દૂર કરવા સ્પષ્ટ સૂચના આપતાં. સાધકમાં રહેલા સદ્ગુણોને ઓળખી તેને વધારવા પણ પ્રોત્સાહન આપતાં. પૂ. મા કહેતાં કે સાધકની અંદર રહેલા અહંકારને દૂર કરવા, વાસ્તવિક ને વ્યાવહારિક જ્ઞાન આપવા તથા તેના વ્યક્તિત્વનો વિકાસ કરવા અમારે ક્રોધ નહિ પણ ફૂંફાડો



મારવો જરૂરી બને છે. એક કુંભાર અંદરથી હાથ રાખી ઉપરથી ટપલા મારી સમાજ-ઉપયોગી પદાર્થનું નિર્માણ કરે છે; તેમ અમારે પણ આ સમાજને એક આદર્શ માનવ સમર્પિત કરવાનો છે, એમ માની અમારું ઘડતર કરતાં.

પાણી ઉપર સોટી મારીએ તો તેના કોઇ કાયમી ચિહ્નો નથી રહેતાં. તરંગો ઊઠે ને વિલીન થઇ જાય. પૂ. માનો ક્રોધ પણ તેવો જ છે. તેમાં કોઇ દ્વેષ કે કોઈ પૂર્વગ્રહ નથી હોતો. સાધકના કલ્યાણની જ ભાવના હોવાથી તેમનો ક્રોધ પણ સાધકને માટે શ્રેયસ્કર નીવડે છે.

વીસ દિવસના પૂ. શ્રી માના અલભ્ય સાન્નિધ્ય દરમ્યાન વિભિન્ન લીલાઓ ને પૂ શ્રી માની બહુવિધ પ્રતિભાનું દર્શન થતું. પૂ. શ્રી માની શરીર પ્રકૃતિ વારંવાર બદલાતી. કયારેક તેમને એકદમ સખ્ત ઠંડી લાગતી તો તેની સાથે જ એકદમ ગરમી લાગતી ને ગભરામણ થતી. તેમને ગરમ ધાબળા ઓઢાડવા પડતા ને કયારેક ડોકટર બોલાવવા પડશે તેમ લાગતું. પણ થોડીવારમાં જ પૂ. શ્રી મા સ્વસ્થ બની જતાં. પૂ. યોગેશ્વરજી જ તેમના ડોકટર છે તેમ લાગતું. પૂ. શ્રીમા કહેતાં કે આધ્યાત્મિક વાતો ભજન ધૂન અને સત્સંગ જ અમારે મન ઔષધ છે. જે અમને સ્વસ્થ બનાવી દે છે પૂ. શ્રીમા બેઠા થઈ તરતજ સુંદર રીતે ઢોલક વગાડતાં અને ખૂબ જ ભાવથી યોગેશ્વર સ્તવનમાળા ગાતાં.

નાના બાળકો પ્રત્યેનો પૂ. શ્રી માનો પ્રેમ નિરાળો છે. પૂ. શ્રી યોગેશ્વર પ્રભુની મોટી તસ્વીર લઇને પૂ. શ્રી મા-પ્રભુ પ્રત્યે શ્રદ્ધા ને નિષ્ઠાથી સંપન્ન એવા શ્રી રતનલાલજી તથા મહાત્મા શ્રી યોગેશ્વર શિશુમંદિરનો કર્મચારી વર્ગ તથા

પચાસેક વિદ્યાર્થીઓ આવ્યા ત્યારે પૂ. શ્રી માએ તેમની પાસે પ્રાર્થના, રાધાકૃષ્ણની નૃત્ય નાટિકાં, દેશભક્તિનું ગીત વગેરેનો કાર્યક્રમ નિહાળ્યો. અને બાળકોને વીરબાલક, વીર બાલિકા જેવા બાલસાહિત્યનાં પુસ્તકો તથા બોલપેન આપ્યાં.

બાળકોમાં સ્વચ્છતા ને સુસંસ્કારોનું સિંચન થાય તે માટે પૂ. શ્રીમા અવાર નવાર અપરોક્ષ કે પ્રત્યક્ષ રીતે કડક બનીને સૂચન પણ કરતાં; પૂ. શ્રી માના દર્શને આવેલા બાળકો તથા શિક્ષકોમાં કેટલાકે બીજા દિવસે કોઇક કારણસર સ્નાન ન કર્યું. ત્યારે પૂ. શ્રી માએ તેમને ખૂબ જ પ્રેમથી પરંતુ નીડરતા પૂર્વક સંદેશો મોકલ્યો કે જે સ્નાન નહિ કરે તે પૂ. માના દર્શન નહિ કરી શકે. આ સાંભળી બધાએ સ્નાન કર્યું. તેમને પ્રેમથી ત્યાર બાદ જમાડ્યા. અને પૂ. શ્રી માના દર્શન કરી જતા હતા ત્યારે બોલપેન, બરફી, ચોકલેટ, સફરજન, ફરસાણ વગેરેનો પ્રસાદ આપ્યો, જે પ્રસાદ બાળકો-ના બે હાથ ભેગા કરે તો પણ સમાતો નહોતો. બાળકો પ્રસાદ મેળવી ખૂબ ખુશ થયા.

આર્યનિવાસના ભોજનાલયમાં કામ કરતા દશેક વર્ષના એક બાળકને પણ ગંગાસ્નાનનું મહત્ત્વ સમજાવ્યું. તેના માતાપિતા, તેનો અભ્યાસ વગેરે પ્રશ્નોત્તરી દ્વારા જાણ્યું. અને તે બાળકને સ્નાન કરવું ગમતું નહોતું તેથી સ્નાન દરરોજ કરવા સમજાવ્યો. તેની પાસેથી દરરોજ સ્નાન કરવાનું વચન લીધું. તેને ગરમ સ્વેટર તથા ટોપી અપાવ્યાં તથા તેણે રાખેલા ગલ્લામાં નાખવા સારી એવી જરૂરી રકમ પણ આપી. બાળકો સાથેનો પ્રેમ પણ કેવો અદ્ભુત હતો!

ગંગાઘાટે સ્નાન કરવા જતાં ત્યારે ત્યાં થોડીક ઈંટો અસ્તવ્યસ્ત પડેલી. તે ઈંટોને પૂ. શ્રી મા જાતે ઉપાડી ઘોડામાં



ગોઠવવા લાગ્યાં. અમે પણ તેમાં મદદરૂપ બન્યા. આ પ્રસંગ બતાવે છે કે પૂ. શ્રીની જેમ પૂ. મા પણ સ્વચ્છતાના આગ્રહી છે.

પૂ. શ્રી મા પૂ. શ્રી યોગેશ્વર પ્રભુની સાથે જીવંત વ્યવહાર કરતાં. પાલનપુરવાળા પૂ. શ્રી વિજયભાઇ (બાપજી)-ની ઇચ્છા પૂ. શ્રી માનું ષોડશવિધિથી પૂજન કરવાની હતી. ચારેક વર્ષની પ્રાર્થના પૂ. માએ સાંભળી અને સ્વીકારી. પૂ. શ્રી માએ પ્રભુના નાના સ્વરૂપને પોતાની આગળ ધરી દીધું અને તેનું પૂજન કરવા આજ્ઞા આપી; અને પૂ. શ્રી મા તો પ્રભુની તે તસ્વીર સાથે નમી નમીને પ્રેમથી વાતો કરવા લાગ્યાં.

મસૂરીથી આવેલા પ્રભુના સ્વરૂપને એક સાધકથી અજાણપણે સહેજ લીસોટો પડી ગયો તો પૂ. શ્રી માને જાણે કે તેમના હૃદયપર કાપ મૂકાયો હોય તેવું દુઃખ થયું. અર્થાત્ આપણો વ્યવહાર પ્રભુની તસ્વીર સાથે જડ નહિ પણ ચેતનવંતો હોવો જોઇએ તેમ દર્શાવ્યું.

વીસ દિવસની હરદ્વારની યાત્રા દરમ્યાન 'પ્રકાશના પંથે'નું પારાયણ પણ શરૂ કર્યું. તેની સાથે સાથે શ્રી યોગેશ્વર લીલામૃતમાંથી પણ પૂ. મા પોતાના સુમધુર કંઠે ગાન કરતાં.

પૂ. શ્રી મા તથા અમે તા. ૧૦/૧૦/૮૭ ના રોજ અમદાવાદ આવવા નીકળવાના હતા ત્યારે તેના આગલા દિવસે રાત્રે મોડે સુધી અમને સત્સંગનો લાભ આપ્યો. પ. પૂ. શ્રી રંગઅવધૂત રચિત ગુરુલીલામૃતમાંથી દીપક આખ્યાન સંભળાવ્યું તથા શિષ્યે ગુરુની સેવા કેવી રીતે કરવી, ગુરુદેવ શિષ્યની કેવી આકરી કસોટી કરે છે અને

શિષ્યને સદ્‌ગુરુની સેવાથી જ પ્રભુદર્શન થાય છે અને વર-દાનમાં પણ શિષ્ય ગુરુસેવા જ માગે છે—આ આખ્યાન દ્વારા અમારે પણ સદ્‌ગુરુદેવમાં જ શ્રદ્ધા, ભક્તિ વધારવી જોઈએ તેવો સંદેશ આપ્યો; અને રાત્રે ર-૩૦ વાગે પ. પૂ. શ્રી યોગેશ્વર પ્રભુને પૂ. શ્રી માએ અને અમે બધાએ ફરીવાર અગિયારવાર દંડવત્ પ્રણામ કર્યા.

આ રીતે અમારી યાત્રા અમારા જીવનની એક યાદગાર યાત્રા બની. ' સંતનો સંગ સદા સુખકારી ' હોય છે. તેની પ્રતીતિ થઈ. પ. પૂ. શ્રી માનું જીવન એક આદર્શ માનવનું જીવન છે. તેમની સરળતા, નમ્રતા, નીડરતા, નિયમપાલન. પૂ. શ્રી સદ્‌ગુરુદેવ એટલે કે શ્રી યોગેશ્વર પ્રભુમાં શ્રદ્ધા વગેરે ગુણો અમને સર્વને આકર્ષી ગયા. સંતોની સેવા કરવાની ઇચ્છા સર્વને હોય છે. પણ સેવા કે તેમની કૃપા મેળવવા માટે પણ આપણે લાયક બનવું પડે છે. યોગ્યતા પ્રાપ્ત કરવી પડે છે તેવું પણ સમજાયું. એકવાર મેં ( શ્રી વિજયભાઈ પુરોહિત ) પૂ. મા પાસે સેવાની માગણી કરી તો પૂ. શ્રી માએ સ્વામી રામતીર્થના પુસ્તકમાંથી વંચાવ્યું:

" તમે ફક્ત લાયક જ બનો એટલે ઇચ્છા નહિ કરો તો પણ તમારી યોગ્યતા પ્રમાણે તમને બધું જ પ્રાપ્ત થશે. "—આ વાત તદ્દન સાચી છે. એટલે યાત્રાના અંતે અમે તો પ. પૂ. મા પ્રભુ પાસે એટલું જ માગીએ કે " હે મા પ્રભુ, તમારી કૃપાને પાત્ર અમને બનાવજો; તથા તમારી લીલાને કંઇક અંશે સમજવાની અમને શક્તિ આપો. તથા અમને એક આદર્શ માનવ બનાવો. "

*———*



# ક્ષણિક જીવનથી નિરાશા તથા અનંતનો આશ્રય

સંકલન : ઇશ્વરભાઈ એમ. શાહ.

( પ. પૂ. સ્વામિ શ્રીસંપૂર્ણાનંદજી બાપુના સત્સંગમાંથી )

હવે તમને સહજ પ્રશ્ન થશે કે ક્ષણિક જીવન શું ? ક્ષણિક જીવન છે તો બીજું પણ જીવન છે ? હા. વાસ્તવિક જીવન.

જીવન મૂળ તો એક છે. પણ બે ભાગમાં વિભાજન છે. (૧) વાસ્તવિક જીવન તે આત્મા-તમે (ર) ક્ષણિક જીવન તે શરીર.

ક્ષણિક જીવન શરીર છે. શરીર અનિત્ય છે. સતત પરિ-વર્તનશીલ છે. સાત વર્ષે તમામ બદલાઈ જાય છે. તેથી તેને ક્ષણિક કહ્યું. હવે જો તમને તમારા ક્ષણિક જીવન ઉપર નિરાશા જાગે તો તમારો ઇશ્વરમાં વાસ છે. તેનો રસ મળે.

માનવ દર્શનમાં આ વાત—બુદ્ધિ-દૃષ્ટિનું જાણવાનું કહેલ છે. જે તમે તમારી બુદ્ધિ-દૃષ્ટિથી જાણો; તેનો અનાદર ન કરો, પણ આદર કરો. તો પણ તમારો અનંતમાં વાસ થાય.

હવે આ ક્ષણિક વર્તમાન જીવન જેમાં શરીરથી માંડી જગતના તમામ પદાર્થો આવી જાય છે. આ બધાને બુદ્ધિ-દૃષ્ટિથી જોતાં કોઈ સ્થાયી નથી. તેમ સ્પષ્ટતા થાય છે. અને તરત થાય છે કે સંસાર અસાર છે. અહીં કોઈ નિત્ય નથી.

સંસાર ( અસાર છે ) સ્થાયી નથી બુદ્ધિ-દૃષ્ટિએ બતાવ્યું, જ્યારે ઇંદ્રિય-દૃષ્ટિએ તે સ્થાયી બતાવેલ.

પ્રશ્નઃ-જિજ્ઞાસામાં જન્મ આપનાર કોણ છે ? જિજ્ઞાસાની જનની કોણ છે ?

જવાબઃ-જે બુદ્ધિ-દૃષ્ટિએ બતાવ્યું તે અનિત્ય જીવન જિજ્ઞાસાની જનની. અનિત્ય ( ક્ષણિક ) જીવનની આશા છે. તેનું કારણ કામના છે.

પ્રશ્નઃ-નિત્ય જીવન ક્યારે મળે ?

જવાબઃ-અનિત્ય જીવન જ નિત્ય જીવનની જિજ્ઞાસા કરાવનાર છે. આશાનો ત્યાગ અને અનિત્ય જીવનનો સદુપયોગ કરે ત્યારે નિત્ય જીવન મળે.

કામના અને જિજ્ઞાસા આ બે વાત સામે આવી.

(૧) કામના એટલે અનિત્ય જીવનમાં આશા.

(૨) જિજ્ઞાસા એટલે અનિત્ય જીવન અસાર છે, જે બુદ્ધિ-દૃષ્ટિથી જાણ્યું.

આ જે કામના ક્ષણભંગુર જીવનમાં કરે છે તે અને જેને ક્ષણભંગુર જીવન અનિત્ય દેખાયું અને જિજ્ઞાસા કરી તે બંનેયનો જોનારો અહમ્ છે.

અહમ્‌માં બે વાત છે. (૧) કામના (૨) જિજ્ઞાસા. અહમ્ છે પ્રીતિ. આ અહમ્ જ્યારે કામના કરે છે ત્યારે શરીર-સંસાર પદાર્થોને મેં-મેં ( મારા મારા ) કહે છે. પાછો તેને ક્ષણભંગુર જીવન અનિત્ય દેખાય છે ત્યારે જિજ્ઞાસા ( જિજ્ઞાસામાં પ્રીતિ ) કરી-ઈશ્વર વગેરેને મેં-મેં ( મારા મારા ) કહે છે. પ્રીતિનું આ સ્વરૂપ છે. આ પ્રીતિ પ્રિયતમની છે.

પ્રીતમ અને પ્રીતિ સાથેજ હોય છે. હવે જ્યારે અહમ્-પ્રીતિ કામના છોડી દે છે અને તેણે જેની જિજ્ઞાસાઓ કરી છે તે તમામની પૂર્ણતા થાય છે, ત્યારે પ્રીતિ-પ્રીતમ સાથે



આવે છે. આ વખતે પ્રીતમ છે સૂર્યનો પ્રકાશ. પ્રીતિ છે તારાનો પ્રકાશ એટલે પ્રીતિ ઓગળી જાય છે. પાછળ પ્રીતમ રહે છે. પ્રીતિ કામનામાં હોય છે ત્યારે પ્રીતમ સાથે જ હોય છે. પણ પ્રીતિનું ધ્યાન પદાર્થોમાં-બીજે છે.

સ્વામી રામતીર્થના જીવનનો પ્રસંગ છે. કે તેઓ વિદ્યાર્થી જીવનમાં હતા ત્યારે એક દાખલો આવડે નહિ. ખૂબ ચિંતન કર્યું પણ મેળ ન પડે. એટલે સ્વામીએ સ્લેટ-ગણિત નીચે મૂક્યાં. અને મનમાં દૃઢ નિર્ણય કર્યો કે હવે જો પાંચ મિનિટ હું આંખ બંધ કરું છું તે દરમ્યાન દાખલો નહિ આવડે તો મેડી ઉપરથી બારીમાંથી નીચે પડીશ. આંખ બંધ કરી. અચિંતન બન્યા. હજુ બે મિનિટ નહોતી થઈ ત્યાં ખડખડાટ મોટેથી હસ્યા. દાખલો આવી ગયો. તેમની મા હસવાના અવાજથી ઉપર આવ્યાં. પૂછ્યું, " રામ કેમ હસે છે ? " અહીં તો કોઈ નથી. રામ કહેઃ-" મા, તને કોઈ નથી દેખાતું, પણ રામ અહીં મારી સાથે છે. આજ મારે તેની કસોટી કરવી હતી. " અને પછી બધી વાત કરી.

કામનાનું ચિંતન તીવ્ર બને છે. ત્યારે તે ચિંતન-અચિંતનમાં આપોઆપ ફેરવાઈ જાય છે. અને કામનાની પૂર્ણતા થાય છે. આ ઉપરથી સાબિત થયું કે કામના પૂર્ણ કરનાર પણ પ્રીતમ છે.

પ્રીતિ – સ્વરૂપ છે.

કામના | જિજ્ઞાસા – આ બે દોષ છે.

કામનામાં અતિપણું થાય કે તરત જ જિજ્ઞાસા શરૂ.

કામનાનો નાશ-જિજ્ઞાસાની પૂર્તિ-આ મેં તરકીબ

બતાવી-નિત્ય જીવનમાં જવાની-બંને કરવાનું છે તમારે.

કામનાનો નાશ કેવી રીતે થાય? જિજ્ઞાસાની પૂર્તિ કેવી રીતે થાય? વર્તમાન ક્ષણભંગુર જીવનનો સદુપયોગ શું તે જાણીએ તો કામના જાય. સર્વહિતકારી પ્રવૃત્તિ-સર્વના સુખમાં નહિ-પણ સર્વના હિતમાં જે પ્રવૃત્તિ છે-તેનો આદર કરો તો કામના જાય. કામી પુરુષ પોતાના સુખ માટે સ્ત્રીને બોલાવે તે સર્વહિતકારી પ્રવૃત્તિ નથી. એટલે સુખ નહિ પણ જેમાં સર્વનું હિત દેખાય તેવી પ્રવૃત્તિ.

સર્વહિતકારી પ્રવૃત્તિ
- સ્વાર્થભાવનો નાશ
- સુખભોગની આસક્તિનો નાશ
- એકતા (ફળ)
  - મોહનો નાશ
  - પ્રેમનો પ્રાદુર્ભાવ

સર્વહિતકારી પ્રવૃત્તિનું ફળ
- નિર્મોહતા — જ્ઞાન
- પ્રેમ — રસ

તો તમને આ આપે તો આ જાય. આ જાય તો આ ફળ. તે વાત કરી. પણ ખરેખર સર્વહિતકારી પ્રવૃત્તિ છે શું? કરૂણા-પ્રસન્નતા. અભિન્નતા-ભિન્નતા શબ્દ સમજીએ.

માનવ આત્મા છે. આત્મા પ્રેમ છે. પ્રેમ સદા અભિન્ન છે. હવે જ્યારે અહમ્ બીજે શરીર જગત-જગતના પદાર્થો--દૃશ્ય પદાર્થોમાં પ્રીતિ કરે છે ત્યારે આત્મા ભિન્ન થાય છે. અહીં પ્રેમ સિવાય કંઈ નથી. પ્રેમ તે અભિન્નતા અને આ પ્રેમ બીજા જડમાં જણાય ત્યારે ભિન્ન બને છે. હવે



દૃશ્યમાંથી હટે તો પાછો અભિન્ન. પ્રેમ આવે ત્યાં કર્તા-ભોક્તા ભાવ જાય છે.

અહમ્ શું છે? વાસનાનો પૂંજ.

કઈ વાસના? (૧) કામના (૨) જિજ્ઞાસા.

પ્રીતિ જેની છે તે પ્રીતમમાં સમાઈ જાય છે. સદુપયોગ ન કરે તે સાધક સાધનનિષ્ઠ ન બની શકે. આશાની જરૂર નથી. નિરાશાની જરૂર છે. નિરાશા જિજ્ઞાસા જગાડે છે.

રોગ જડ્યો દવા મળી. હવે લેવી જરૂરી છે.

હવે સદુપયોગ પણ ન કરી શકે અને જોઇએ તેવી નિરાશાની વ્યથા પણ ન જગાડી શકે, તો બીજી દવા છે? હા. નિરાશ થવાની જરૂર નથી. તો હવે થઇજા અસમર્થ.

શ્રી યોગેશ્વર કૃપા.

**સંદીપ વેલ્ડીંગ વર્કસ**

ગ્રીલ, દરવાજા તેમજ મેઈનગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫ ૦૦૭.

# મનનો સંયમ

રમણ મહર્ષિ

મન તથા ઈન્દ્રિયોના સંયમ-નિયમનનું મહત્ત્વ મહર્ષિની સાધનામાં ઘણું મહત્ત્વનું ને મોટું છે. મન સાધકના જ નહિ, સામાન્ય માનવના જીવનમાં પણ અત્યંત અગત્યનો ભાગ ભજવતું હોવાથી એના તરફ ગાફેલ રહેવાનું કદી પણ ઉચિત ના લેખાય અને આત્મઘાતક નીવડે એ દેખીતું છે; માટે તો બીજા બધા જ પ્રાતઃસ્મરણીય સ્વાનુભવસંપન્ન મહાત્મા પુરુષોની પેઠે મહર્ષિ પણ મનોનિગ્રહ પર ખાસ ભાર મૂકે છે ને મનની ઉપર અધિકાધિક કાબૂ કરવાની ભલામણ કરે છે.

એવા કાબૂ માટે એ કોઈ કઠોર ક્રિયાઓ કે ઉગ્ર તપશ્ચર્યાની વિધિઓ નથી બતાવતા પરંતુ આત્મવિચાર સાથે ધ્યાનનો અભ્યાસ કરવાનો આદેશ આપે છે. એમાં મદદ મળે તે માટે મનની શુદ્ધિ અથવા સાત્ત્વિકતાની સિદ્ધિનું ધ્યાન રાખવાની સૂચના આપે છે. મનોનિગ્રહની એમની સાધના કોઈ જડ, સદ્‌બુદ્ધિ વગરની, કેવળ બાહ્ય ક્રિયાકલાપો કે વ્રતો પર આધાર રાખનારી સાધના નથી પરંતુ જીવનનું આમૂલ પરિવર્તન કરીને સ્વરૂપના સાક્ષાત્કારની પ્રેરણા પાનારી સમજપૂર્વકની સાધના છે, એ દૃષ્ટિએ જોતાં એ અતિશય આશીર્વાદરૂપ અને અમૂલખ છે.



# સ્વામી નારાયણ સંપ્રદાય— એક પરિચય

પરમાર્થી

પરદેશની એક ધરતી પર ભારતીય ધર્મ ને સંસ્કૃતિનો પ્રચાર કરવાનું કાર્ય અતિશય કઠિન ગણાય છે. એક તો ભાષાની મર્યાદા નડે અને બીજું, ભારતીય લોકોની સંખ્યા બહુ જ અલ્પ ગણાય. વળી જે વસતિ છે તેમાં સાંપ્રદાયિક ભેદોને કારણે અને પ્રાંતીયતાને કારણે એકતાનો અભાવ છે. આવી મુશ્કેલ પરિસ્થિતિ હોવા છતાં સ્વામી નારાયણ સંપ્રદાય પરદેશની ધરતી પર સફળતાપૂર્વક પ્રયાસ કરી રહ્યો છે.

માત્ર મંદિરોનું સર્જન કરીને જ પ્રચાર કાર્ય કરવામાં આવે છે એવું નથી. મંદિરોનું સર્જન પ્રચાર કાર્યના એક ભાગ તરીકે ખરું. પરંતુ વિજ્ઞાનના વિકાસની સાથે પ્રત્યેક ક્ષેત્રમાં જે અશ્રદ્ધાનું પ્રમાણ વધતું જાય છે તેમાં પરિવર્તન આણવાનું કાર્ય પણ સાથે સાથે થઇ રહ્યું છે. આધુનિક વિદ્યાપીઠોમાંથી સ્નાતક થયેલા ઘણા તેજસ્વી સંતો સંપ્રદાયના આવા કાર્યમાં રત રહેતા હોવાથી બુદ્ધિશીલોને ધર્મમાં આકર્ષણ પેદા થાય તેવા સંજોગોનું નિર્માણ થઈ રહ્યું છે.

સ્વામી નારાયણ સંપ્રદાયનો ઉદ્‌ભવ અને વિકાસ ઓગણીસમી સદીમાં થયેલો અને તે જમાનામાં પણ સંપ્રદાયના આદ્ય સ્થાપક ભગવાન સહજાનંદ સ્વામીએ બુદ્ધિજીવીઓનું ધ્યાન ખેંચેલું જ. તે સમયે વામ પંથ ને શક્તિ સંપ્રદાય ભયનું વાતાવરણ સરજીને પોતાનો પ્રચાર

ને પ્રસાર કરતા હતા. ભગવાન સહજાનંદ સ્વામીએ આ બંને ભયાનક સંપ્રદાયોને એકલે હાથે ઠંડાગાર કરી દીધા હતા. સૌરાષ્ટ્રમાં લૂંટફાટ કરનારા કાઠી ને રજપૂત લોકોના જેમને ધર્માભિમુખ બનાવી સહજાનંદ સ્વામીએ મહાન ચમત્કાર સર્જ્યો હતો. બંગાળના ધુરંધર ગણાતા પિબેક તથા મગનીરામ, કચ્છના આગેવાન ગણાતા શાક્ત જગજીવનરામ અને વડતાલના જોબનપગી જેવાઓના જીવનમાં સમૂળગું પરિવર્તન આણીને તે જમાનાના બુદ્ધિશાળી વર્ગને ભારે નવાઈ પમાડી હતી. સર મોનિયર વિલિયમ્સ જેવા અંગ્રેજ ચિંતકે તો તેમને ચમત્કારી નેતા તરીકે ઓળખાવ્યા છે. તે સમયના મુંબઈ રાજ્યના ગવર્નર સર જહોન માલકોન તેમના કાર્યને શક્તિથી પ્રભાવિત થઇ ગયેલા ને ઘણા બધા રાજાઓની હાજરીમાં માથું નમાવીને સહજાનંદ સ્વામીને પ્રણામ કરેલા એટલું જ નહીં પણ આશીર્વાદની માંગણી કરેલી તે સર્વવિદિત ઘટના અહીં યાદ આવ્યા વિના રહેતી નથી.

સમાજના ઉપલા થરના લોકોમાં જ તેમનો પ્રભાવ વધ્યો હતો એવું ન હતું. પણ નીચલા થરના લોકોમાં ય તેમની ભારે અસર થયેલી હતી. તેના અનેક દૃષ્ટાંતો અધિકૃત સાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે. લીંબડી પાસેના ગામમાં સગ્રામની ઝૂંપડીએ મધરાતે પહોંચી જઈને કરુણા વરસાવી હતી અને ગરીબ લોકોના હૃદયમાં ધર્મની જ્યોતિ પ્રગટાવી હતી. સહજાનંદ સ્વામી અને રાજા રામ મોહનરાય એક જ સમયની મહાન વિભૂતિઓ છે. પરંતુ રાજારામમોહનરાય લોકમાનસમાંથી વિસ્મૃત થતા જાય છે જ્યારે સહજાનંદ સ્વામીનું નામ દિન પ્રતિદિન વધારે ને વધારે પ્રભાવક થતું જાય છે. તેનું શું કારણ ? ગુજરાતની અસ્મિતા—પુસ્તકમાં મુનશીજી કહે



છે તેમ પતન પામતા જતા સમાજને સહજાનંદ સ્વામીએ એકલે હાથે ઉત્થાન તરફ વાળ્યો હતો તે તેનું કારણ છે. આજે પણ ભગવાન સ્વામી નારાયણમાંથી પ્રેરણા પ્રાપ્ત કરીને આગેવાન ગણાતા પ્રમુખ સ્વામી અને તેમણે દીક્ષિત કરેલા અનેક સંતો ગામડે ગામડે, જંગલે જંગલે, દેશ કે વિદેશમાં સર્જનાત્મક પ્રવૃત્તિ કરી રહ્યા છે અને તે બહાના હેઠળ ધર્મની જ્યોત અદના માનવમાં પેટાવીને અમૂલ્ય સેવા યજ્ઞ કરી રહ્યા છે.

આફ્રિકા, ઈંગ્લાન્ડ, કેનેડા, અમેરિકા જેવા અનેક દેશોમાં પ્રમુખ સ્વામીએ જાતે વિચરણ કરીને ભારતીય ધર્મ ને સંસ્કૃતિના જાજવલ્યમાન પ્રવાહને વધારે વેગવાન બનાવ્યો છે. અમેરિકામાં તેમને હસ્તે ચાર મોટા મંદિરોનું નિર્માણ કાર્ય થયું છે તે તો સર્વવિદિત હકીકત છે. ઈંગ્લાંડમાં તો યોગીજી મહારાજે જ મોટા મંદિરનો પાયો નાખ્યો હતો. તે આધારે યોગીજી મહારાજના ગયા પછી આફ્રિકામાં અનેક મંદિરો ઊભાં થયાં છે. કેનેડામાં પણ અત્યારે પ્રમુખસ્વામીની પ્રેરણાથી મંદિરના નિર્માણનું આયોજન થઇ રહ્યું છે.

છેલ્લા પાંચસાત વર્ષમાં તો પ્રમુખસ્વામીએ પ્રચાર કાર્યને દેશ-પરદેશમાં ખૂબ જ વેગવાન બનાવ્યું છે. ઇ. સ. ૧૯૮૫ માં ૧૪ મી જૂનથી ૧૫ મી ઓગસ્ટ સુધી એક સાંસ્કૃતિક પ્રદર્શનનું મહાન આયોજન ઈંગ્લાન્ડની ધરતી પર કર્યું હતું. તેમાં લાખો પરદેશીઓએ ભારતીય ધર્મ ને સંસ્કૃતિનો પરિચય પ્રાપ્ત કર્યો હતો. તે પ્રદર્શનમાં કલા ને કારીગીરીનો જે ઉપયોગ થયો હતો તે બેનમૂન હતો. સ્વામીનારાયણ સંપ્રદાયના સંતો પાસે જે કલા હતી ને જે ઈજનેરી વિદ્યા હતી તે ઈંગ્લાન્ડમાં ને અમદાવાદમાં પૂર્ણ

સ્વરૂપે વ્યક્ત થઇ હતી. અમદાવાદમાં પણ ઇ. સ. ૧૯૮૫ માં દ્વિશતાબ્દી મહોત્સવ ટાણે સંતોએ એક મહાન નગરનું આયોજન કર્યું હતું. તે નગર ઇજનેરી કલાના નમૂનારૂપ ગણાય છે. ૨૨ મી ઓકટોબરથી ૧૯ મી ડિસેમ્બર સુધીમાં કુલ પંચ્ચાશીલાખ માણસોએ નગરની મુલાકાત લીધી હતી અને ભારતીય ધર્મ ને સંસ્કૃતિનાં સુંદર દર્શન કર્યાં હતાં.

ઇ. સ. ૧૯૮૫ માં ૨૦ મી જુલાઇએ ઈંગ્લાન્ડમાં પ્રમુખ-સ્વામીની સુવર્ણતુલાનો કાર્યક્રમ હેરત પમાડે તેવો હતો. લોકો પોતાના સંતગુરુને કેટલા બધા ઉત્સાહથી સુવર્ણ વડે તોલતા હતા તે જોઇને પરદેશીઓને ભારતીય ધર્મમાં ગુરુના સ્થાનનો ખ્યાલ આવ્યો હતો. પ્રમુખસ્વામીના વજન જેટલું સુવર્ણ થોડા જ સમયમાં ત્યાં થઇ ગયું હતું. સુવર્ણતુલા કાંઇ સામાન્ય માનવીની થતી નથી. મહાપુરુષોના કાર્યનું મૂલ્ય તો સુવર્ણથી પણ વિશેષ છે. છતાં તેમના જીવનમાં સુવર્ણ તુલાનો અવકાશ ઊભો થાય છે તે ગુરુ તરફનો અનુરાગ એ રીતે લોકો વ્યક્ત કરીને ધન્યતા અનુભવે છે. સુવર્ણ તુલાના પ્રસંગથી પરદેશની ધરતી પર પ્રચાર સુંદર રીતે થયો ગણાય.

સાંપ્રદાયિકતા ઓછી કરવા એક સંત સંમેલન પણ રાખવામાં આવ્યું હતું. ભારતભરમાંથી અનેક સંતોએ હાજરી આપી હતી અને ધર્મને સંસ્કૃતિ પર પોતપોતાની વાગ્ધારા વહેવડાવી હતી. ભારતમાં નાના મોટા હજારો સંપ્રદાયો છે પણ સ્વામી નારાયણ સંપ્રદાયે જ પોતાના સંતોને લોકસેવાના પવિત્ર યજ્ઞમાં જોડીને કર્મઠતા બતાવી છે તેની નોંધ સ્વામી સચ્ચિદાનંદે તો લીધી જ હતી પણ અનેક મઠાધિપતિઓએ પણ તે પ્રવૃત્તિને બિરદાવી હતી.



દ્વૈત, દ્વૈતાદ્વૈત, અદ્વૈત, વિશિષ્ટાદ્વૈત ને શુદ્ધાદ્વૈત એ વેદાંતની પાંચ શાખાઓ પ્રસિદ્ધ છે. મધ્વાચાર્યે દ્વૈતશાખાને પલ્લવિત કરી હતી, નિમ્બાર્કાચાર્ય દ્વારા દ્વૈતાદ્વૈતનો જન્મ થયો હતો, ભગવાન શંકરાચાર્યે અદ્વૈતની સ્થાપના કરી હતી, સ્વામી વલ્લભાચાર્યે શુદ્ધાદ્વૈતનો ઉદ્ભવ કરી વિકાસ કર્યો હતો અને વિશિષ્ટાદ્વૈતનો જન્મ સ્વામી રામાનુજાચાર્ય દ્વારા થયો હતો. વેદાંતની આ પાંચ શાખાઓમાં સ્વામી નારાયણ સંપ્રદાયનું સ્થાન કયાં ? અથવા તો સ્વામી નારાયણ સંપ્રદાયનો ઉદ્ભવ શેમાંથી થયો એ જાણવાની ઇચ્છા સહુ કોઇને અત્રે થાય તે સ્વાભાવિક ગણાય. તેથી તેનો પણ ટૂંકમાં ઉલ્લેખ કરી લઇએ તો શું ખોટું ?

ભગવાન સહજાનંદે વિશિષ્ટાદ્વૈત શાખામાંથી પ્રેરણા લઇને સ્વામી નારાયણ સંપ્રદાયની સ્થાપના કરી હતી. સર્વ શાખાઓ વધતા ઓછા પ્રમાણે એકએકથી વિરુદ્ધ વિચારો રજૂ કરે છે. તેની ચર્ચા અત્રે જરૂરી નથી. પણ વિશિષ્ટાદ્વૈતની શાખાના વિચારો સાથે સંમત થઇને સહજાનંદ સ્વામીએ પોતાની વિશેષ વાતો પણ ઊમેરી છે. પરમાત્મા આ સૃષ્ટિમાં કયારેક પોતે આવિર્ભાવ પામે છે અથવા તો કયારેક પોતાના પાર્ષદ ગણાતા બ્રહ્મભૂત થયેલા સંતો દ્વારા આવિર્ભૂત થાય છે એ સિદ્ધાંતનો સ્વીકાર કરીને અક્ષર ને પુરુષોત્તમની વિશિષ્ટ પ્રકારે તેમણે ઓળખાણ આપી છે. અક્ષર ને પુરુષોત્તમની વાત તેમની આગવી છે.

અક્ષર તે પુરુષ અથવા ચિદાકાશ. અક્ષર એટલે શુદ્ધ બ્રહ્મ. તેનાથી શ્રેષ્ઠ તે પુરુષોત્તમ. પુરુષોત્તમનું નિવાસ સ્થાન તે અક્ષર. શ્રુતિગ્રંથો પણ અક્ષરના બે સ્વભાવનું વર્ણન કરે છે. શુદ્ધ બ્રહ્મ તરીકે અને અશુદ્ધ બ્રહ્મ તરીકે અક્ષરને

ઓળખાવે છે. અશુદ્ધ બ્રહ્મની અવસ્થામાં અક્ષર હોય છે ત્યારે તેને પ્રધાન નામ આપવામાં આવ્યું છે. પ્રધાનનો અંતર્ભાવ અક્ષરમાં થતો હોવાથી તેનું ધ્યાન કોઈ કરતું નથી. એ જ રીતે બ્રહ્મા વિષ્ણુ ને મહેશમાં અન્વયભાવે સહઅસ્તિત્વ અક્ષરનું હોવાથી બ્રહ્મા, વિષ્ણુ ને મહેશનું પણ ધ્યાન કરવાની મનાઇ ભગવાન સ્વામી નારાયણે કરી છે.

વળી અક્ષર પ્રકૃતિથી ભિન્ન છે એવું પણ તેમણે પ્રતિપાદન કર્યું છે. અક્ષર તો અવિનાશી છે, અપરિવર્તન શીલ છે જ્યારે પ્રકૃતિમાં તો પરિવર્તન થાય છે. તેથી પ્રકૃતિ કરતા અક્ષર વિશેષ છે. હા, પ્રલયકાળે વ્યક્તિગત જીવો અક્ષરમાં સમાવિષ્ટ થાય છે અને અક્ષર પાયામાં નિમગ્ન બને છે પણ અક્ષર તો સદાય સૌથી અલિપ્ત જ રહે છે. ચિદાકાશમાં પ્રકૃતિ ને પુરુષ વિકાસ તથા સંકોચનો અનુભવ કરે છે. છતાં પુરુષ તેજસ્વી, અનંત ને અજન્મા છે. તે સર્વવ્યાપક છે. તેનામાં જીવોના સ્થૂળ, સૂક્ષ્મ, કારણ શરીરો રહેલાં છે, અસંખ્ય બ્રહ્માંડો પણ રહેલાં છે. તેથી પ્રકૃતિને પુરુષના સંયોગથી અનેક સૃષ્ટિનું નિર્માણ થાય છે.

માયા કે પ્રકૃતિથી શુદ્ધ બ્રહ્મ તો ખરેખર પર છે. ઉપાસના વડે જીવ પોતાના સ્થૂલ, સૂક્ષ્મ ને કારણ શરીરો સાથેનું તાદાત્મ્ય ઓગાળી નાખે છે ને જીવ અક્ષરને પોતાના આત્મસ્વરૂપ તરીકે પિછાને છે. આ અક્ષરને અવયવ પણ છે. તેથી તેમાં પુરુષોત્તમ વાસ કરે છે. પુરુષોત્તમનો તે સૌથી નજીકનો ભક્ત છે. માટે જીવ ધ્યાનાદિથી આ અક્ષરનો સાક્ષાત્કાર કરી શકે છે. પરંતુ અક્ષરને પુરુષોત્તમ વચ્ચે ભિન્નતા તો છે જ. પુરુષોત્તમ તો ઈશ્વરનો પણ ઈશ્વર છે. તે આનંદસ્વરૂપ છે. તે અંતર્યામી સ્વરૂપથી વ્યાપક બને છે.



આ સ્વરૂપ સારા નરસા કર્મના ફળ પણ આપે છે. તેથી તેને સાકાર સ્વરૂપ તરીકે ઓળખાવવા પ્રયત્ન કરવામાં આવ્યો છે. સ્વામી નારાયણ ભગવાને વચનામૃતમાં ચર્ચા કરતાં કહ્યું છે કે આ પરબ્રહ્મનું સ્વરૂપ અક્ષરને પોતાના ધામ તરીકે સ્વીકારે છે અને પોતાની યૌગિક શક્તિથી એકી સાથે અનેક જગ્યાએ પ્રગટ થઇ ભકતોને તેમજ સંતોને ઉત્થાનમાં મદદરૂપ થાય છે.

આ રીતે સ્વામી નારાયણ ભગવાને પોતાના આગવા વિચારોથી વેદાંતની પાંચે શાખાઓ કરતાં સ્વામી નારાયણ સંપ્રદાયને વિશિષ્ટરૂપ આપ્યું છે. ભણેલા ગણેલા આધુનિક સંતોએ અંદર ભળી જઈ સાંપ્રદાયિકતાનું કોચલું તોડીને ધર્મની વ્યાપકતાને લોકો સમક્ષ રજૂ કરવા પ્રત્યન કર્યો છે તે ખરેખર પ્રશસ્ય છે. ઘણીવાર ઘણા સ્થળોએ સંતો કરતાં ધર્માંધ અનુયાયીઓ પોતાના ગુરુ વિશેષ શક્તિશાળી છે એમ પૂરવાર કરવા સાંપ્રદાયિકતાની સાવ સંકુચિત વાડ રચવા પ્રયત્ન કરે છે ત્યારે સંપ્રદાયની છાપ અવશ્ય બગડે છે. પરદેશમાં તો તેવો વર્ગ જુદો જ તરી આવે છે. દેશમાં પણ તેવા લોકોની સંખ્યા ઓછી નથી છતાં પણ સ્વામી નારાયણના આધુનિક સંતોએ રૂઢ બની ગયેલી સાંપ્રદાયિક સંકુચિતતાને તોડીને ભારતીય ધર્મને વિશાળ સંદર્ભમાં મૂકવા પ્રયત્ન કર્યો છે તેથી પરદેશની ધરતી પર ભારતનું ગૌરવ અવશ્ય વધ્યું છે તે એક હકીકત છે.

માતૃત્યાગનું જ્વલંત ઉદાહરણ

# પૂજ્ય મા જ્યોતિર્મયી

યોગેશ્વર ધ્યાન કેન્દ્ર–વડોદરા

ભારત–વર્ષમાં વર્ષનો પ્રત્યેક દિવસ ઘણાને માટે પ્રેરણાદાયી અને પુણ્ય દિવસ હોય છે. એ પણ ભારતદેશની અને દેશવાસીઓની વિશેષતા છે. શ્રી યોગેશ્વર પરિવાર માટે પણ એવા ઘણા દિવસોમાંથી ચોથી ઓકટોબરનો એ દિવસ પ્રેરણાદાયી અને પવિત્ર છે. કારણ કે એ દિવસ પૂજ્ય માતાજીનો પુણ્ય–પવિત્ર નિર્વાણ દિન છે. જે નાના બાળકે કુમળી વયમાં પિતાશ્રીનું શિરછત્ર ગુમાવ્યું છે; એ બાળ ભણીગણીને પોતાનો ખ્યાલ રાખે એવી ઈચ્છા હર કોઈ માતાની હોય અને એ આશાએ જ સંસારના સંકટો વેઠી બાળકની કાળજી રાખે, ઉછેરે; પરંતુ એ બાળ યુવાનીના ઊંબરે ઊભો થાય ત્યાંજ હિમાલયની ગોદમાં જવાની સાધના–તપશ્ચર્યા કરવાની–પ્રભુને પામવા માટેની આજ્ઞા માતા પાસે માંગે અને માતા સહજમાં હસતા મુખે, કંઠમાં ફૂલની માળા અર્પણ કરી તેમાં સાથ આપે અને હા પાડે, રજા આપે એ ભારત વર્ષ જેવા ઋષિ દેશમાં જ શકય બને. એ એક માતાની પોતાના બાળકમાં પ્રભુને પામવાની શ્રદ્ધા અને માતાના સ્વાર્થરહિત પ્રેમની ચરમ સીમા છે. અંતે એ જ બાળકે પ્રભુને પ્રાપ્ત કરીને આજના કલિકાળમાં જગતને પ્રત્યક્ષ કરી બતાવ્યું કે જો લગની અને પ્રેમ હોય તો પ્રભુને પ્રાપ્ત કરી શકાય છે. આ કાર્યમાં માતાનો ફાળો પણ કાંઈ નાનોસૂનો નથી. આવી માતાને આજના ચોથી ઓકટોબરના પવિત્ર દિવસે ચરણોમાં કોટિ કોટિ વંદન; અને તેથી જ વડોદરાના શ્રી યોગેશ્વર



સત્સંગ મંડળે યોગાનુયોગ તે જ દિવસે રવિવાર હોવાથી ધ્યાન કેન્દ્રમાં યથાર્થ અંજલિ અર્પી.

પ્રાતઃકાળે સાતથી નવ વડોદરા મુકામે શ્રી નારાયણ સ્મૃતિ–મંદિરના ધ્યાન કેન્દ્રમાં પ્રાર્થના, યૌગિક પ્રક્રિયા બાદ ધ્યાનની બેઠક પછી 'હિમાલયના પત્રો' પુસ્તકમાંથી પૂજ્ય માતાજીએ પૂજ્યશ્રીને લખેલા પત્રો તથા પૂજ્યશ્રીએ માતાજીને લખેલ, સૌ કોઈને આધ્યાત્મિક જગતની પ્રેરણા આપતા પત્રોનું વાચન–મનન અને શ્રવણ કર્યું અને સૌ સાધકોએ આજના મંગલ પ્રભાતે પોતે કૃતકૃત્ય થયાની અનુભૂતિ પ્રાપ્ત કરી. વળી આજના શુભ દિવસે સૌ સાધકો તરફથી પૂજ્ય માતાજીને ચરણે ધરેલ ભેટ એકત્ર કરી શ્રી નારાયણ સ્મારક ટ્રસ્ટ જે દર્દી–સેવાનું પવિત્ર કાર્ય કરે છે તેમાં એ ભેટ દર્દી–સેવા માટે પૂજ્ય માતાજી તરફથી અર્પણ કરી. સાથે સાથે એક સાધક તરફથી પૂજ્ય માતાજીની સ્મૃતિમાં સો જેટલા બિસ્કિટના પેકેટ અત્રેની હોસ્પિટલમાં દર્દીઓને વહેંચ્યા. અંતે સૌ સાથે શાંતિ–પાઠ કરી પૂજ્ય માતાજીની પવિત્ર સ્મૃતિને વાગોળતા છુટા પડ્યા.

ધન્ય છે એ માતાને, માતાના ત્યાગને અને માતાની શ્રદ્ધાને પરિપૂર્ણ કરનાર એ બાળ મહાત્માને. શ્રી યોગેશ્વર પરિવાર પણ પૂજ્ય મહાત્માજીને ગુરુદેવ સ્વરૂપે, પ્રભુસ્વરૂપે મેળવીને–પામીને પોતાની જાતને સદાને માટે ધન્યતાનો–શાંતિનો અનુભવ કરે છે. પૂજ્ય માતાજીનો ત્યાગ ન હોત તો કદાચ જગત પૂજ્યશ્રીને પામી શક્યું ન હોત. પૂજ્ય માતાજીના ચરણોમાં કોટિ કોટિ સાદર પ્રણામ–વંદન.

## જીવન સંઘર્ષ

જીવન અવિરત જંગ, વીરા ! જંગ, જખમ વિણ હોય ના !
જીવન અખંડિત યજ્ઞ, વીરા ! યજ્ઞ, અગન વિણ હોય ના !
એ જખમ કે એ અગન–જો શૌર્યથી સહેવાય ના,
તો, છે મૃતક નિર્માલ્યતા, જીવન ખરું કહેવાય ના !
સંજોગનાં પાસાં બધાં, સ્વકર્મ થી પરખાય ના,
તો, આ 'જનમ'નો મર્મ ને હેતુ ખરો સમજાય ના !
'સ્વકર્મ' માં સમતા અને સન્નિષ્ઠતા જળવાય ના,
તો, 'કર્મ' ની નિકૃષ્ટતા, કૌશલ–કલા કહેવાય ના !
અત્તર મળે માટી મહીં, પણ મ્હેંક ઓછી થાય ના !
'પાણી' ખરા મોતી તણું, દુષ્કાળને દિન જાય ના !
ગ્રીષ્મના ઉકળાટમાં, સાગર કદી સુકાય ના !
ત્યમ, વીરના સંઘર્ષમાં, શીલ–સત્ત્વ ચાલી જાય ના !

—રતિલાલ ભાવસાર



## સાર્થક જીવન

જાણું નહિ કયાં અને કેવી રીતે
વિરાજો આપ આ વિશ્વમાં ?
જોતો નથી પ્રત્યક્ષ હું આપને
છતાં અનુભવું આપની સૂક્ષ્મ એ હાજરીને.
કહો ગુરુદેવ !
આપ કયાં છુપાયા આ વિશ્વે ?
શોધી શકું ના,
કૃપા પામ્યા વિના આપની;
પહોંચી શકું ના
આપના એ સૂક્ષ્મ અસ્તિત્વ સુધી.
માટે કરો કૃપા.
અભ્યર્થના લઈ મારી આ લક્ષમાં,
જેથી બને સાર્થક
જીવન આ મારું, પામીને આપને.

પિનાકીન ના. જાની

# સદ્‌ગુરુ--ભગવત્ પ્રસાદ સંજીવની

ભાઈલાલભાઈ છાટબાર

અધ્યાત્મ ક્ષેત્રે સાધન–માત્ર કૃપા સાધ્ય છે. તે ભગવત્ પ્રસાદ કે સદ્‌ગુરુની કૃપા પામતાં સધાય છે. સાધન ભજનના તમામ ક્ષેત્રોમાં પુણ્યપ્રવાસ કરતાં કરતાં પરમાત્મા ઉપલબ્ધ થાય છે; પરંતુ પ્રથમ તો તેની કૃપાવર્ષા જોઇએ. માત્ર પ્રયાસ પૂરતો નથી. ભગવત્પ્રસાદ કે ગુરુકૃપા આવશ્યક–પૂર્વરંગ ( Pre–requisite ) છે.

સદ્‌ગુરુની પ્રાપ્તિ અને સંગ દુર્લભ છે. સદ્‌ગુરુને ખોળી કાઢવા તે કઠિન કાર્ય છે; કેમકે પ્રથમ તો સત્યના સાક્ષાત્કારીની સંખ્યા બહુ જૂજ હોય છે. આવા સત્યપ્રતિષ્ઠિત સદ્‌ગુરુને ઓળખી કાઢવાવાળી આંખ કેટલી ?

સદ્‌ગુરુની ભાળ મળી આવે પછી પણ સદ્‌ગુરુનો પ્રેમ પ્રાપ્ત કરીએ તેવી સ્થિતિનું નિર્માણ ભાગ્યવશાત્ થાય છે.

પહેલાં તો સદ્‌ગુરુ મળવા મુશ્કેલ છે, મળી જાય તો તેને ઓળખવાનું વધારે મુશ્કેલ હોય છે, પરિચય અને પ્રેમ થઇ જાય તો પછી વળી એમની રાહે ચાલવાનું સૌથી વધારે મુશ્કેલ બની રહે છે.

સાચા જિજ્ઞાસુ શોધકને સદ્‌ગુરુ પૂર્વના ઋણાનુબંધે મળી આવે છે. કદીક તો સદ્‌ગુરુ પોતે જ ઓળખી લઇને સ્વીકાર કરી લે તેવું બને છે. સદ્‌ગુરુ પ્રાપ્તિ માટેની ઝંખના આમ જીવનમાં કોઇક ધન્ય ક્ષણે ફળે છે.

સદ્‌ગુરુ ચૈતન્ય પ્રવાહ છે. પ્રવાહ સ્થિર નથી હોતો. તે ગત્યાત્મક હોય છે, ગતિમાન હોય છે; ગતિશીલ અને ગતિ-



પ્રેરક હોય છે.

સદ્‌ગુરુ સ્વીકાર કરે પછી તે એવા નવા જગતમાં ખેંચી જાય છે કે જે જગત અજાણ્યું–અજાણ્યું અને અગમ્ય હોય છે.

સમજણ લથડિયાં ખાવા લાગે છે, ગભરામણ થાય છે. આ અપરિચિત પ્રદેશ હોય છે.

સદ્‌ગુરુ જીવનનૌકાના સઢ એવા પ્રકાશદ્વિપના પ્રવાસ પર ખુલ્લા મૂકી દે છે કે જેનો નકશો માલૂમ હોતો નથી. નૌકા ક્યાં પહોંચીને લંગર નાખશે તેની કોઇ ગતાગમ નૂતન યાત્રીને નથી હોતી.

જેવી રીતે અચાનક મરુભૂમિમાં ફૂલ ખીલી ઊઠે છે, તેના જેવું જ ચમત્કારી આશ્ચર્યજનક સદ્‌ગુરુનું અચાનક મિલન હોય છે. રણમાં ફૂલ ખીલી ઊઠે, પહાડ ફોડીને ઝરણું ઓચિન્તુ વહેવા લાગે, આકાશનો કોઈ નટખટ તારલો પૃથ્વી પ્રત્યેના પ્રેમને લીધે ખરી પડીને નીચે ઊતરી આવે, તેવી રીતે સદ્‌ગુરુનો મંગળમય પ્રવેશ જીવનમાં અણચિંતવ્યો થાય છે.

ક્યાંકથી એકાએક સદ્‌ગુરુનો સાદ અસ્તિત્વને સ્પંદિત અને આંદોલિત કરી દે છે.

નીરસ દિશાશૂન્ય એકાંતને સદ્‌ગુરુનું મિલન મધુમય બનાવી દે છે. હૃદયના અંધારછાયા પ્રદેશને જાણેકે રંગ અને રોશનીથી તે ભરી દે છે. ચિરકાલ સુધી જીવનપર્યંત સદ્‌ગુરુનો અવાજ ગુંજન કરતો રહે છે.

સિદ્ધ સત્પુરુષની પ્રાપ્તિ મુશ્કેલ છે. પરંતુ સાચી લગનથી શોધ ચલાવે તેને મળી રહે છે. સત્ય–જિજ્ઞાસા જોઇએ.

થાકી-હારીને નિષ્ક્રિય બની બેસી રહેવાનું નથી. તીવ્ર તરસ્શ હોય તેને પાણીનું ઝરણું મળી જ રહે છે.

ચિન્મયે તરસ્શ પહેલાં પાણીના ઝરણાંની અને ક્ષુધા પહેલાં ભોજનની તૈયારી રાખી હોય છે. પહેલાં ઝરણાં બને છે. પછી તરસ્શ જન્મે છે. પૃથ્વી પર ઝરણાંઓએ પહેલાં જન્મ લીધો. મનુષ્ય તો બહુ મોડો મોડો પૃથ્વી પર આવ્યો.

જે વસ્તુની શોધની આકાંક્ષા જન્મ લે છે તે વસ્તુ અગાઉથી અસ્તિત્વમાં હોય છે-નહિ તો આકાંક્ષા જ ના જન્મે. મહાપુરુષોનો-સદ્‌ગુરુનો મેળાપ દુર્લભ છે.

ઉતાવળ ના કરે, ધીરજ રાખે તેમજ પ્રતીક્ષાપૂર્વક સતત્ શોધ શરૂ રાખે તો ધીરજ એક દિવસ ફળે છે.

દુર્લભનો અર્થ મળશે જ નહિ એવો નથી—અથક પરિશ્રમથી પ્રાપ્ત એવો થાય છે.

ધીરજપૂર્વકની પ્રતીક્ષા અને પુરુષાર્થ દુર્લભને પણ સુલભ બનાવે છે.

માણસ જાગી જાય, તેનામાં ઝંખના ઊઠે, ધ્રુવબિંદુ સમા સત્પુરુષની શોધ કરવાની લગન દિનરાત બની રહે તો ઝંખનાનો પ્રતિસાદ તેને અવશ્ય સાંપડે છે.

ઝંખનાનો પ્રતિસાદ તેને એવા સત્પુરુષને ભેટાડી દે છે, એવી મૂલ્યવાન તકો અને એવા સત્યાન્વેશી ગ્રંથો મેળવી આપે છે કે જે તેના સાધનભજનની જ્યોતને પ્રજ્વલિત કરી દે છે.

સત્પુરુષનો મેળાપ, ઉપસ્થિત થતી મૂલ્યવાન તકો અને પ્રેરક માર્ગદર્શક ગ્રંથો તેને ગંતવ્યસ્થાન તરફ દોરી જઈને અંતે સત્યમાં સુપ્રતિષ્ઠિત કરી દે છે.



## બ્રહ્મલીન મહાત્મા યોગેશ્વરજીને વંદના

( ભૂજંગી )

તમે જ્ઞાન ભૂખ્યા તમે દિવ્ય દષ્ટા,
તમે શુદ્ધ યોગી બધામાં નિરાળા,
તમે ધર્મ રાહી પચાવી જ ગીતા,
તમે ભોમિયા છો અમારા બધાના.

કરી સાધના હો તમે દિવ્ય રાહે,
તમે આર્ય સાચા વિભોના દિવાના,
તમે મર્મ ગ્રાહી, તમે કર્મ યોગી,
તમે ચિંતકોમાં નિરાળા ઘણા છો.

મહાત્મા તમે તો મહા જ્યોતિર્ધારી
તમે ધર્મ ગાયો અનોખી જ રીતે
વણીને સદાયે તમે જીવને તો
પાળીને અનોખા જ 'પ્રકાશ પંથે'.

તમે શબ્દબંદા, તમે દિવ્ય રાહી,
તમે આપજો ત્યાં દુવા તો અમોને
તમારી જ આશીષ હોજો અમોપે
સહારા તમે છો ઉજાળો અમોને.

–ડૉ. ધમેન્દ્ર માસ્તર 'મધુરમ'

—*—

## કોણ કહે છે....?

કોણ કહે છે તુજને કિંકર ?
તું તો શંકરનોયે શંકર... કોણ કહે છે.

બાદશાહી ત્હારી બ્રહ્માંડે, વિશ્વોનો વિશ્વેશ્વર,
સચરાચરમાં વ્યાપ્ત છતાંયે, તું દશ અંગુલ ઉપર.
મહતી ત્હારી માયા માની, તું-સબ-કૂછ-સર્વેશ્વર.
કોણ કહે છે ?

અર્ધનારી નટેશ્વર જેવું સમજ તું અદ્વૈત ત્હારું,
તું અખિલેશ્વર, માયા-દ્વૈતે કરતો મ્હારું ત્હારું,
'હું'-'મારા'ની આ રામાયણ સમજ્યે સૌ શ્રેયસ્કર,
કોણ કહે છે. ?

અસલ સ્વરૂપ સમજમાં જામે દ્વૈતાદ્વૈત ટળે,
જીવ-શિવની એકરૂપતા પૂર્ણમાં પૂર્ણ ભળે,
અપૂર્ણતા ને અધૂરપોનો આવે નહીં કો અવસર.
કોણ કહે છે ?

તું તો શંકરનોયે શંકર ?
કોણ કહે છે તુજને કિંકર ?

ડૉ. રણજિત પટેલ (અનામી)

*——*



# એક સાધકના યોગાનુભવમાંથી (૬)

લેખકઃ-પુષ્કર ચંદરવાકર

## સાધક અધ્યાપક

ડૉ. જે. પી. અમીન ભારતીય સંસ્કૃતિ, ભારતીય શિલ્પ સ્થાપત્ય અને મૂર્તિવિધાન શાસ્ત્રોના એક 'જાનેમાને' સુખ્યાત અને લબ્ધ પ્રતિષ્ઠિત વિદ્વાન અને બહુશ્રુત અધ્યાપક તરીકેની નામના પ્રાપ્ત કરી, ખંભાતની શ્રી. રજની પારેખ આર્ટ્સ અને કેશવલાલ બુલાખીદાસ કોમર્સ કોલેજમાં ઇ. સ. ૧૯૬૦ થી સેવા આપીને તેમના ક્ષેત્રે તેજસ્વી વિદ્યાર્થીઓને તૈયાર કરી રહ્યા છે. તે હકીકત હવે ગુજરાત ભરમાં જાણીતી બની છે. તેઓ પ્રિ. યુનિ. ના વર્ગથી પ્રારંભીને પી. એચ. ડી. સુધીના અધ્યાપન માટે ગુજરાત યુનિ. માન્ય અધ્યાપક છે, તે જ સંસ્થામાં આચાર્ય પદે હતા. વળી ભારતીય સંસ્કૃતિ અને શૈવ ધર્મ પર તેમના એકાદ ડઝનથી વધુ ગ્રંથો ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ થયેલ છે, ત્રીસથી વધુ સંશોધન પત્રિકાઓ ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં અધિકૃત કું. સ્ટાન્ડર્ડ, સામાયિકોમાં પ્રસિદ્ધ થયેલ છે. તદુપરાંત લોકોપયોગી અને પ્રેરણાદાયી સંત જીવન ચરિત્રો, યોગશાસ્ત્ર ને યુવાન પેઢીને પથદર્શક બને તેવા લેખો પણ ગુજરાતી ભાષામાં અદ્યતન પ્રસિદ્ધ થયેલ છે. આમ, માત્ર તેઓ અધ્યાપન જ કરાવતા નથી. પણ તેના ફળ સ્વરૂપે ઉત્તમ કોટિનું ચિંતવન કરી, તે ચિંતવનને શબ્દ દેહ આપીને સમકાલીનો અને અનુગામીઓને પાથેય પણ પૂરું પાડવાનું જબ્બર કાર્ય-ઑ-મિશન, તેઓએ ઉપાડ્યું છે. આજે પણ તે જ કાર્યમાં થોડા

મહિનાથી ખૂંપીને ભારતીય સંસ્કૃતિ, ધર્મ અને શિવશાસ્ત્ર પર એક સાથે ત્રણ ત્રણ ગ્રંથોનું લેખન કાર્ય કરી રહ્યા છે.

પણ ઇ. સ. ૧૯૬૫ પછી ડૉ. જે. પી. અમીનનો જીવાત્મા જ્ઞાન–આત્મજ્ઞાન માટેની ઝંખનાથી તલપાપડ બન્યો. અલબત્ત આ જ્ઞાનના બીજ તો વતનમાં–સંડેરમાં વવાઇ ચૂકયાં હતાં. તેમના માતુશ્રી કુંબરબા અને કુંબરબાના માતામહ સાકળચંદ દાદા જ્ઞાની અને ભક્ત સંસ્કારના. વળી સંડેરમાં દલુભક્ત જેવા ગામઠી સંત–ભકત થઇ ગયેલા. સંડેર ગામમાં હિંદુ ધર્મના દેવ દેવીઓનાં ઠીક સંખ્યામાં દેવમંદિરો તેમજ જૈન ધર્મનાં હજારેક વર્ષ પુરાણાં મંદિરો છે. સાથોસાથ સંડેર ગામે વિદ્વાનો ને વીર પુરુષોની પેઢી પાકતી જ આવે. આ ભૂમિએ અને માતાએ બાળક જીવણલાલના ચિત્ત પર ધાર્મિક સંસ્કારની અનોખી છાપ અંકિત કરી દીધી. તેમાંય તેલ પૂર્યું સંડેરના ઉત્તમ પુસ્તકાલયે, જેમાં ઉત્તમ કોટિનાં પુસ્તકો–ધર્મ, સંસ્કૃતિ અને સંત મહાત્માઓનાં જીવનચરિત્રો સહિતનાં–હતાં. તેનું સેવન કિશોર જીવણલાલે પ્રારંભેલું. વળી સાકળચંદ દાદા પણ વેદાંતી, જ્ઞાનેશ્વર ને યોગેશ્વર તેમનાં રચેલ તત્વજ્ઞાન અને યોગશાસ્ત્રનાં ગ્રંથોનું પઠન જીવણલાલે કર્યું. પરિણામે ભારતીય ધર્મો, સંસ્કૃતિ અને સંસ્કારથી જીવણલાલ રંગાવા મંડયા. તેમનાં ચિત્તમાં ધર્મ અને સંસ્કારનાં બીજ પડવા લાગ્યાં.

પિતા પ્રભુદાસના વેપાર–કરજના કારણે કુટુંબની આર્થિક સ્થિતિ વણસી. આથી પાટણ હાઈસ્કૂલમાંથી મેટ્રિક પસાર કર્યા પછી જીવણલાલે વિજાપુર તાલુકાના ગલથરા ગામે પ્રાથમિક શાળામાં શિક્ષકની નોકરીનો સ્વીકાર કર્યો, પણ જીવણલાલ ખંતીલા ઉત્સાહી, સાદા, સરળ, પ્રમાણિક,



સંસ્કારી ને ધાર્મિક વૃત્તિવાળા સાથે મહત્ત્વાકાંક્ષી પણ હતા. મહત્ત્વાકાંક્ષા ધન કમાવા માટે કે લક્ષ્મી યા સંપત્તિ એકત્ર કરવા માટેની નહીં, પણ જ્ઞાન–પ્રાપ્તિની હતી. આથી નાનકડા ગામની નોકરી છોડી તેઓ અમદાવાદની મહાનગરપાલિકાની નોકરીમાં કારકૂન તરીકે જોડાયા, જ્યાં રહીને તેમણે તેમનો ઉચ્ચાભ્યાસ શરૂ કર્યો, પેલી મહત્ત્વાકાંક્ષાને પામવા ત્યાં રહીને તેઓ બી. એ. થયા, ગુજરાતી અને ભારતીય સંસ્કૃતિના વિષયો લઇને મેટ્રિકમાં સંસ્કૃત ભાષા જેવા વિષયમાં ખૂબ જ સારા ગુણ મેળવેલ, છતાંય માતૃભાષા માટે પ્રેમ બતાવી તેઓ ગુજરાતી વિષયના સ્નાતક બન્યા, જે વિષય ડૉ. જે. પી. અમીનને લેખનમાં ખૂબ જ ઉપયોગી બન્યો, કેમકે તે વિષયના અભ્યાસથી તેમની ભાષા સમૃદ્ધિ વધી, ને સ્વ અભિવ્યક્તિનો માર્ગ જડ્યો. આ જ સમયગાળામાં તેઓ એમ. એ. અને એલ. એસ. જી. ડી. ની પરીક્ષાઓ પસાર કરી ઈ. સ. ૧૯૬૦ માં ભારતીય સંસ્કૃતિ અને ઇતિહાસના અધ્યાપક તરીકે શ્રી રજની પારેખ આર્ટ્સ કૉલેજમાં પ્રવેશ પામ્યા ને અહીં સેવા આપતાં–આપતાં તેઓ એલ. એલ. બી. (કાયદા સ્નાતક) પી. એચ. ડી. (વિદ્યા–વાચસ્પતિ) અને પુનઃ એમ. એ. અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર વિષયો લઇને થયા. આ વખતે તો ડૉ. અમીનના મનમાં ઉત્સાહના તૂફાની તોખારો હણહણતા હતા અને તેમનું યૌવન ધરતીથી અદ્ધર ઊડવા અને સિદ્ધિને હાંસલ કરવા ઊડાઊડ કરતું. જેથી શૈશવકાળના સંસ્કારો દબાઇ ગયા હતા, લયને પામી ગયા હતા, નષ્ટ નહોતા થયા તેમ સાવ ભૂંસાઇ ન'તા ગયા, પણ જરૂર તે રજોટાઇ ગયા હતા, દુન્યવી ખ્યાલોના લીધે. આ સમય ગાળા અંગે ડૉ. અમીન પોતે લેખે છે, "પહેલાં 'જ્ઞાન' ના વિચારો

આવતા પણ 'અધ્યાત્મજ્ઞાન' ની ખબર નહોતી એટલે ભૌતિક વિદ્યાભ્યાસ અને જે તે સંયોગોમાં જરૂરી ડિગ્રીઓ તરફ, મન વળેલું. મનને કંઇ મેળવવું હતું... ડિગ્રી મેળવવા મન તલસતું રહેતું. આ દ્વારા આગળ આવી શકાય એવું લાગેલું."

આથી ડૉ. અમીને પદવીઓ અને ઉપાધિઓ પ્રાપ્ત કરવા માટે અથાગ પરિશ્રમ કર્યો. વળી પારિવારિક મુશ્કેલીઓને કારણે નાનપણમાં તેમણે નોકરી સ્વીકારી. વળી સાથોસાથ વિદ્યાભ્યાસ કરવાની ફરજ પડવાથી તથા વિદ્યાર્થી વિષયક, સામાજિક તેમજ નોકરસંઘની પ્રવૃત્તિઓ તરફ મન ઘસડાઇ જવાથી લાંબા સમયગાળા સુધી આધ્યાત્મિક જિજ્ઞાસા સુપ્ત રહી. (ક્રમશઃ)

—✻—

આ માનવજીવન મહાદુર્લભ છે. તેનો સદુપયોગ કરીને પરમાત્માની પ્રાપ્તિ કરવાની છે. માટે સંસારમાંથી મનને પાછું વાળીને પરમાત્મામાં લગાડી દેવું જોઇએ. તે માટે મોટી ઉંમર થતાં સુધી રાહ જોવાની જરૂર નથી. મોટી ઉંમર થશે એવો ભરોસો પણ કયાં છે? જીવન તો ચંચળ છે. ક્ષણે ક્ષણે ઓછું થતું જાય છે. કયારે પૂરું થશે તેની કોને ખબર છે? માટે જાગ્યા ત્યાંથી સવાર સમજીને સમજશક્તિની પ્રાપ્તિ થાય ત્યારથી જ પરમાત્માનું દર્શન કરવાનો પ્રયાસ કરવો જોઇએ. નાની ઉંમરમાં પ્રભુપ્રાપ્તિને માર્ગે વળવાથી વહેલામાં વહેલી તકે શાંતિ ને મુક્તિ મેળવવાનો અવકાશ રહે છે ને મોટી ઉંમરે પ્રભુની કૃપાનું પેન્શન મળે તે ભોગવવાનું બાકી રહે છે.



# સ્વામી સંપૂર્ણાનંદજી--એક વિરલ વીતરાગી સંત

સંકલન : ઈશ્વરભાઈ શાહ

[ સ્વામી સંપૂર્ણાનંદજી (મૌની ભિક્ષુક)ના ઉપદેશોથી અધ્યાત્મના વાચકો સારી પેઠે પરિચિત છે. વડોદરાના સાધક શ્રી ઈશ્વરભાઈ શાહની કલમે સ્વામીજીના વાર્તાલાપો અધ્યાત્મમાં અનેકવાર રજૂ થતા રહ્યા છે. સ્વામીજીની પ્રશ્નોને જોવાની, મૂલવવાની તેમજ તેની રજુઆતની આગવી મૌલિક શૈલી છે. ટૂંકા વાક્યોમાં તેઓ સાચા ધર્મનું રહસ્ય સુંદર રીતે સમજાવે છે. આ નાનકડા લેખમાં શ્રી ઈશ્વરભાઈ શાહે પૂ. શ્રી સ્વામીના વ્યક્તિગત સાધનાત્મક જીવનની આછી ઝાંખી કરાવી છે. એ જોતાં જણાય છે કે સ્વામીજીના જીવનમાં સાધનાનું કેવું અનેરું તપ પડેલું છે. ઈશ્વર માટેની લગનમાં સર્વસ્વનો ત્યાગ કોક વિરલ વ્યક્તિઓ જ કરી શકે છે. સ્વામીજી-સાચી જિજ્ઞાસાને લઇને-કેવું વિચરણ કરે છે; અરે ! શરીર ઉપરનાં વસ્ત્રોનો પણ ત્યાગ કરી ૨૦-૨૦ વર્ષ સુધી વિચરવું એ પ્રભુ પરની અથાગ શ્રદ્ધા ભક્તિ અને વિશ્વાસ માંગી લે છે. પરિણામે એમને જે પ્રાપ્ત થયું તે ધર્મના સારરૂપ તત્ત્વ તેઓ જીજ્ઞાસુઓને અનુભૂતિના આધાર ઉપર પીરસે છે. ધન્ય છે આવા વીતરાગી સંતોને. અનેકાનેક પ્રણામ હો-એમનાં શ્રીચરણોમાં. —તંત્રી ]

પ્રભુ-પ્રેમ, પ્રભુ-મિલનનો સાધક શરૂ થયો. પછી થયું કે પ્રભુ કોઇકને તો મળ્યા હશે જ. આવા તો સાધુ જ હોય. જેથી સાધુઓને મળવાનું શરૂ કર્યું. ૯૦ ટકા સાધુ

કહે-રામ-રામ કરો. હું સ્પષ્ટ કહું કે મને રામ શબ્દમાં વિશ્વાસ નથી. બીજું કાંઈ હોય તો બતાવો. બધાજ ખીજાઈને ભગાડી મૂકે. અમૂક શાસ્ત્રોની વાતો કરતા. મને તેવી વાતોમાં રસ ન હતો. મારે તો સાક્ષાત્ પ્રભુ જોયા હોય તેનો અનુભવ જાણવો હતો.

કાલી કમલીવાળા વિશુદ્ધાનંદની તે વખતે સારા સંતમાં ગણત્રી થતી હતી. તેઓની પાસે ગયો. શિવાનંદજી પાસે પણ ગયેલો. પરંતુ શિવાનંદજીમાં મને રસ ન પડ્યો. વિશુદ્ધાનંદે પણ મને પ્રથમ રામ-રામ કરો-બેટા. તેમજ કહેલ. મેં બીજાઓને કહેલું તેમજ કહ્યું કે રામ શબ્દમાં મને શ્રદ્ધા નથી. તો તેઓ ખીજાયા નહિ. પરંતુ પ્રસન્ન થયા. અને બોલ્યા કે-બેટા, તને કોનામાં શ્રદ્ધા છે? મેં કહ્યું કે મારામાં. તેઓ ખૂબ રાજી થયા. અને બોલ્યા, ખૂબ આનંદ. તો તુ તને શરણે થઇ જા. વાત પૂરી. તેમ કહી મને શરણે જવાની યુક્તિ બતાવી અને કહ્યું, જાવ-બેટા, જરૂર પડે તો આવજે. પછી હું બોલ્યો નહિ. પણ મનમાં ગુરુ માનેલ.

દીક્ષા ગુરુ બીજા હતા. તે પણ જીવતા હતા. દીક્ષા ગુરુને ઉપરની વાત કહી નહિ. પણ તેમને તે પછી મળ્યો તો મને ભક્તિની સાધના ઉપર જ લેવા પ્રયાસ કર્યો. મને પણ યોગી થવું ખોટું હતું તેવું દૃઢ થયું. જે થાય છે તે ઠીક છે. દીક્ષા ગુરુએ ડીસેમ્બર ૧૯૫૩ માં મને દિગમ્બર થઈ ફરવાનો આદેશ દીધો. તેમાં નિયમો પણ આપ્યા. કે આ નિયમોનું પાલન કરજે. ૧૯૫૪ થી ૧૯૭૪ સુધી ભારતમાં દિગમ્બર રહી પગે ચાલી ફર્યો. તેમાં ભકિત સાથે જ્ઞાન લાધ્યું. કર્મનો પ્રશ્ન જ ન હોય. મારી પાસે શરીર સિવાય કંઈ ન હતું.

જ્ઞાન એટલે દરેક પ્રશ્નો-જીવનના તેના ઉપર ચિંતન કરતો.



પણ કેન્દ્રમાં પ્રભુને રાખતો. દા. ત. દિગમ્બર વેશમાં શરૂમાં કષ્ટ બહુ પડ્યું. આ કષ્ટ કેમ પડ્યું? પ્રભુ મારી સાથે હોવા છતાં દુઃખ કેમ હોઈ શકે? આનો જવાબ મળ્યો કે-તે દુઃખને હું સમજતો નથી. ઈશ્વરે જવાબ દીધો કે, આ જગતમાં કણે કણમાં હું છું. તે તો માન્ય છે ને? હા, તો કણે-કણ નથી પરંતુ હું જ છું. તો તને કણેકણના સદ્-ઉપયોગનું ભાન ન હોય તો હું શું કરું?

આ જગતમાં કંઈ જ ખરાબ નથી. સદુપયોગથી વિકાસ અને દુરૂપયોગથી પતન છે. વસ્તુ કોઇ ખરાબ નથી. પણ તમે સદુપયોગ કરો છો કે દુરૂપયોગ કરો છો તેના ઉપર વસ્તુનું મૂલ્ય છે. આના ઉપર મેં પાનાનાં પાના લખ્યાં છે.

દિગમ્બર અવસ્થામાં એક નિયમ એવો આપેલ કે તારે માનવ-પશુ-પક્ષી જે જુવે તેને વંદન કરી મનમાં ભાવ કરવો કે હું-તે એક જ છીએ. આ ૨૦ વર્ષ સુધી કર્યું. તેનાથી ભક્તિ દૃઢ થઈ. ક્રોધ ગયો. તેમ કરવા તો માંડો. ભલે ૧૫ દિવસ ખોટું થાય પણ પછી સાચું થવા માંડશે. શું ખર્ચ છે? કયાં જવાનું છે? કયાં પુસ્તકો વાંચવાનાં છે? કયાં સત્સંગમાં જવાનું છે? કરવું નથી-તો હું શું કરું?

—*—

## સ્વામીજીનો સદુપદેશ

પરમાત્મા તમામ જગ્યાએ હોવાથી અહીંયાં છે. બધા સમયે (ત્રણે કાળમાં) હોવાથી અત્યારે છે. તેમજ તમામમાં હોવાથી આપણામાં છે. આ દૃષ્ટિએ. પરમાત્મા અહીંયાં હોવાથી તેમને પ્રાપ્ત કરવા માટે કયાંય બીજી જગ્યાએ જવાની, અત્યારે હોવાથી તેમને મળવા ભવિષ્યની રાહ જોવાની, આપણામાં હોવાથી બહાર શોધવા જવાની તેમજ આપણા હોવાથી તેના સિવાય બીજા કોઇને આપણા માન-

વાની જરૂર નથી.

આપણા હોવાથી સ્વાભાવિક જ તે અત્યંત પ્રિય લાગશે.

તમે પરમાત્મા સાથે કોઇપણ રીતે તમારો સંબંધ જોડી લ્યો. જ્ઞાનથી બાંધો અગર મનબુદ્ધિ પૂર્વક બાંધી લ્યો. તેમ નહીં તો જીભથી બાંધો. ફક્ત 'રામ' નામનું ઉચ્ચારણ–જપ કરીને સંબંધ બાંધો. જેનાથી તમામ કામ પૂર્ણ–સફળ થઇ જશે.

આ મારો નિશ્ચય અને અંગત અનુભવ છે.

સ્વામી સંપૂર્ણાનંદજી
મૌની–ભિક્ષુ.

—*—

આફતો બે જાતની હોય છે : આપણાં દુર્ભાગ્યો, અને બીજાઓનાં સદ્‌ભાગ્યો.

IS:10001

ઓ. ૨૮૪૧૭
ફે. ૮૭૨૨૩
ઘ. ૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–
કનેરીયા એન્જીનીયરીંગ વકર્સ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨



શ્રીયોગેશ્વરજીની આત્મકથા

# પ્રકાશના પંથે

સં. પરમાર્થી

મને તો ખૂબ ગમ્યું. અમેરિકનોની નિષ્ઠા માટે માન પણ પેદા થયું. મારું માથું નમી ગયું. વીસમી સદીને આરે આવીને ઊભેલા બુદ્ધિજીવીઓ કેટલી બધી શ્રદ્ધાથી સાંઇબાબાએ શીખવેલી રીતોનું અનુષ્ઠાન કરે છે તે જોઇને આનંદ ને આશ્ચર્ય બંને થયા. આપણે ભારતીઓ તો અમેરિકામાં શું કરીએ છીએ? ભારતીય ધર્મ ને સંસ્કૃતિની છાપ બગાડવામાં ભારતીય લોકોનો સમય મહદંશે વ્યતીત થાય છે તે એની સરખામણીમાં કેટલો બધો ક્ષુલ્લક લાગે છે!

સભા પૂર્ણ થયા પછી મેં ત્યાંથી થોડું સાહિત્ય ખરીદ્યું. મેં સંચાલકોને પૂછ્યું કે તમને સાંઇબાબાનો કયો સંદેશો ખૂબ ગમે છે? ત્યારે તેમણે મને છાપેલું નાનું પેમ્ફલેટ આપી દીધું. તેમાં મુખ્ય ત્રણ સંદેશાઓ છાપવામાં આવ્યા છે. તેમાંથી પ્રથમ સંદેશો આ પ્રમાણેનો હતો.

There is only one God–He is Omni present.
" " " " religion–The religion of love.
" " " " Caste–The caste of humanity.
" " " " language–The language of heart.
" " " " law–The law of duty.

આ સંદેશાઓ વાંચતા સ્પષ્ટ જણાઇ આવે છે કે શ્રી સત્યસાંઇબાબાએ અમેરિકામાં ધર્મના વ્યાપક સ્વરૂપને જ

ફેલાવવા પ્રયત્ન કર્યો છે. માણસ માણસ વચ્ચેનું અંતર ઘટાડવા માટે એ પ્રકાશનું તત્ત્વજ્ઞાન જગતમાં ઉપયોગી છે. સંકુચિત સાંપ્રદાયિકતા તથા વિભિન્ન જાતિભેદોને ઓગાળી નાખીને મનુષ્ય ધારે તો વિશ્વધર્મની સ્થાપના કરી શકે છે અને સમગ્ર જગતમાં સ્વર્ગનું સામ્રાજ્ય સરજી શકે છે. બાબાના આ સંદેશાઓ પણ તેમની મહાનતાના જ દ્યોતક ગણાય.

ભારતમાં તો બુદ્ધિજીવીઓએ બાબાની ભારોભાર અવગણના જ કરી છે. વિજ્ઞાનને નામે વિરોધનો વંટોળિયો પેદા કરીને સામાન્ય જનમાનસને બાબાથી વંચિત રાખવા પ્રયત્ન કર્યો છે. તેઓ પૂરવાર કરવા માંગે છે કે ચમત્કાર બતાવીને તેઓ ભોળી જનતાને ગેરમાર્ગે દોરે છે. વહેમ તથા અજ્ઞાનને તેઓ પોષણ આપી રહ્યા છે. તેઓ જાદુગરી જાણતા હોય તે રીતે ચમત્કારો બતાવે છે. બુદ્ધિજીવીઓનો આ વર્ગ તેમને સંત કે મહાપુરુષ માનવા માટે તૈયાર નથી. કવિવર રવીન્દ્રનાથ ટાગોરની દશા નોબેલ પ્રાઈઝ મળ્યા પહેલા જેવી હતી તેવી સત્યસાંઇબાબાની બુદ્ધિશાળી વર્ગે કરી છે. પ્રથમ કક્ષાના અગ્રગણ્ય વિવેચકોએ તો ટાગોરની કવિતાને અકવિતા કહીને ભાંડી હતી. નોબેલ પ્રાઇઝ મળ્યા પછી આ જ વિવેચકો માનપત્ર આપવા માટે એકત્રિત થયા હતા. ઇંગ્લાન્ડ કે અમેરિકા સિક્કો મારીને પાસ કરે તો જ આપણા આવા બુદ્ધિજીવીઓ માન આપે છે. બ્રિટિશરો ગયાને અરધી સદી થવા આવી છતાં આપણી મનોદશામાં ખાસ કાંઈ ફેરફાર થયો નથી. એ તો સારું થયું છે કે આપણા દેશના અણુવિજ્ઞાની ડો. ભગવન્તમ્ તથા વયોવૃદ્ધ ઇતિહાસજ્ઞ એન. કસ્તુરી સાંઇબાબાની ભાગવતી શકિતને



ઓળખી શકયા છે ને તે કારણે આમ જનતાને થોડું પણ માર્ગદર્શન મળી રહ્યું છે.

અમેરિકામાં નહિ નહિ તોયે પચાસ હજાર અમેરિકનો સત્ય સાંઇબાબાને ભકિતભાવપૂર્વક માને છે. લગભગ તમામ મોટા શહેરોમાં સત્યસાંઈ કેન્દ્રો ચાલે છે. સાન્ફ્રાન્સિસ્કો, લોસ એન્જલીસ, સાનડિયેગો, ન્યુયોર્ક, ન્યુજર્સી, સેન્ટ લૂઇઝ, ચીકાગો, ડલાસ વગેરે શહેરોમાં કેન્દ્રો વિધવિધ પ્રવૃત્તિઓ પણ કરે છે. ઉનાળામાં જુદી જુદી જગ્યાએ કેમ્પ પણ ગોઠવવામાં આવે છે. જુદા જુદા કેન્દ્રોમાંથી ત્યાં અનેક લોકો ભેગા થાય છે ને વિચારોની આપલે કરે છે. બાળકોને લક્ષમાં રાખીને બાળકેળવણીનું આયોજન પણ કરે છે. અમેરિકામાં લગભગ બે કરોડ લોકો ઘરવિહોણા રહે છે. તેમને મદદ પહોંચાડવા માટે પણ કેન્દ્રો પ્રવૃત્તિ કરે છે.

દરેક કેન્દ્રમાં ધ્યાન અને ભજન બહુ જ શિસ્તબદ્ધ રીતે કરવામાં આવે છે. ભારતીય સંગીતના શાસ્ત્રીય ઢબના રાગોમાં તે ભજનો સાંભળીને તો કોઇ પણ વ્યકિતનું હૃદય નાચી ઊઠ્યા વિના રહે નહિ. અમેરિકામાં કોઇ પણ વ્યકિત આ કેન્દ્રોના સભ્ય થઇ શકે છે. સભ્ય ફી પણ રાખવામાં આવી નથી. તેમજ કોઇપણ પ્રકારના ધન ઉઘરાવવાના કાર્ય પણ કરવામાં આવતા નથી. સહજ રીતે જે કાંઈ મળે તે દ્વારા વિધવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. બધાં જ કેન્દ્રો એક સંસ્થા સાથે સંલગ્ન રહે છે; તેનું નામ છે–સત્ય સાંઇબાબા કાઉન્સિલ ઓફ અમોરકા. પુસ્તક પ્રકાશનની પ્રવૃત્તિ માટેશ્રી સત્યસાંઈ બુક સેન્ટર પણ ચાલે છે. સત્ય સાંઇ અમેરિકન સર્વિસ ઓરગેનાઝેશન નામની સંસ્થા તો પત્રિકાઓ પણ છાપે છે ને બાબાના સંદેશાઓ લોકહૃદય સુધી પહોંચાડવા પ્રયત્ન કરે છે. આ

રીતે અમેરિકામાં સત્ય સાંઇની પ્રવૃત્તિ પણ ખૂબ જોરદાર ચાલે છે અને તે દ્વારા માનવતા લક્ષી વિકાસનું આયોજન અને તેનો વ્યવસ્થિત પ્રચાર પણ આશ્ચર્ય પમાડે તે રીતે ચાલી રહ્યો છે.

ફરતો ફરતો કેન્સાસ સ્ટેટમાં ગયો તો ત્યાં પણ નાના સરખા ગામમાં સત્ય સાંઈ કેન્દ્રની પ્રવૃત્તિ નિહાળવાની તક મળી. કેન્દ્ર ચલાવનાર સિંધી ડોકટર દંપતિ છે. સેન્ટ જેઇમ્સ નામના ગામમાં તેઓ પોતાની સેવા આપી રહ્યાં છે. તે ડોકટરે ભજનોનો એક જાહેર કાર્યક્રમ રાખી આસ-પાસ ભારતીઓને આમંત્રણ આપ્યું હતું. તે દિવસે મારું પણ ત્યાં જવાનું બનેલું. ડોકટરની સત્યસાંઈ માટેની ભક્તિ ખૂબ જ સમજ ભરેલી લાગી હતી. તે દિવસે ડોકટરે મારો પણ ઉપયોગ કરી લીધો હતો. તેમણે મને બીજે દિવસે શિવરાત્રી હોવાથી ‘ શિવરાત્રી ’ પર વીસ મિનિટ બોલવા વિનંતી કરી હતી. ભેગા થયેલા લોકોને શિવરાત્રીનો મહિમા મેં સમજાવવા પ્રયત્ન કર્યો હતો. મારા વિચારો સહુને ગમ્યા હતા એવું લાગતું હતું. આ ડોકટર દંપતિ છેલ્લા દોઢ બે વર્ષથી ભજનોનો કાર્યક્રમ રાખી સત્ય સાંઈબાબાનો પરિચય સહુને કરાવી રહ્યા છે તે જાણી ખૂબ જ આનંદ થયો હતો.

દુનિયાભરમાં શ્રી સત્ય સાંઇબાબાની પ્રેરણાથી અને માર્ગદર્શનથી અનેક સંસ્થાઓ ચાલે છે. બે મોટી ઇસ્પિતાલ ચાલે છે. તેમાં મફત સારવાર આપવામાં આવે છે. ૨૫૦ દવાખાનાઓ ચાલે છે ને તેમાં મફત દવાની સગવડ આપ-વામાં આવે છે. ૨૦ મોટી ટેકિનકલ શાળાઓ ચાલે છે, જેમાં વિદ્યાર્થીને સરળતાથી રોજગારી મળી રહે તેવું



શિક્ષણ આપવામાં આવે છે. છ મોટી કોલેજો ચાલે છે અને બે હજાર જેટલાં શિક્ષણ કેન્દ્રો ચાલે છે જેમાં માનવતા લક્ષી શિક્ષણ પાયામાં આપવામાં આવે છે. દુનિયાની જુદી જુદી વીસ ભાષાઓમાં સો જેટલાં પુસ્તકો પ્રકાશિત કરવામાં આવ્યાં છે ને એ રીતે સત્ય સાંઈબાબાના સંદેશાઓ લોકો સુધી પહોંચાડવાનું કાર્ય ચાલે છે.

આવી મહાન વિભૂતિનો જન્મ ૨૩ મી નવેમ્બર ૧૯૨૬ ને દિને દક્ષિણ ભારતના આંધ્રપ્રદેશમાં પુટ્ટપરતી નામે નાના સરખા ગામમાં થયેલો. તેમણે ચૌદ વર્ષની ઉંમરે ગૃહત્યાગ કરેલો ને તે જ ગામના છેવાડે આવેલા ગણપતિના મંદિરમાં વાસ કરીને પોતાની પ્રવૃત્તિનો પ્રારંભ કરેલો. ઈ. સ. ૧૯૫૦ માં તે સ્થળે એક મોટા આશ્રમની સ્થાપના કરવામાં આવી હતી કે જેને આજે તો ‘ પ્રશાન્તિ નિલયમ્ ’ કહેવામાં આવે છે. આ આશ્રમમાંથી સમસ્ત જગતમાં તેમણે પોતાનો પ્રભાવ પાથર્યો છે.

જ્યારે વિરોધનો વંટોળ ચાલતો હતો ત્યારે મેં સત્ય સાંઇબાબાનાં દર્શન કર્યાં હતાં. મને તેમની પ્રવૃત્તિ વિરોધ કરવા જેવી લાગી ન હતી. છતાં સદ્‌ગુરુ યોગેશ્વરજી સમક્ષ મેં તે વખતે સત્ય સાંઈ અંગે વાતો કરી હતી ને માર્ગદર્શન મેળવ્યું હતું. પૂજ્યશ્રીની કૃપાથી મને આવી મહાન વિભૂતિને સમજવાની સુવર્ણ તક પ્રાપ્ત થઈ હતી તે જણાવતા ગૌરવની લાગણી અનુભવું છું.

બંને વિશ્વવંદનીય મહાપુરુષોને હ્રદયપૂર્વક વંદન કરીને લેખની સમાપ્તિ કરું છું.

### (૧) ઉડિયાબાબાનો મેળાપ

ઇ. સ. ૧૯૭૨ ના ઓકટોબરમાં અમે બદરીકેદારના

પુણ્ય પ્રવાસેથી પાછા ફરતાં થોડા વખતને માટે દેવપ્રયાગના દૈવી સ્થળમાં રોકાયેલા. ત્યાં વરસો પહેલાં અમે જે સ્થાનમાં નિવાસ કરેલો તે સ્થાનમાં ઓરિસ્સા તરફના એકાંતપ્રેમી મહાત્મા પાંચ છ વરસથી નિવાસ કરતા હતા. એમનું નામ ઉડિયાબાબા હતું. દેવપ્રયાગના નિવાસીઓ એમના તપ તથા ત્યાગની મુક્તકંઠે પ્રશંસા કરતા. અમે અમારી સાથેના જિજ્ઞાસુ ભાઈબહેનોની ઈચ્છાને માન આપીને એ સ્થાનના દર્શને ગયા ત્યારે એમના સમાગમનો લાભ સહેજે મળી ગયો.

અમારા વખતની કુટિર તોડી પાડીને એના સ્થાન પર એક નાની સરખી પાકી સુંદર કુટિરનું નિર્માણ કરવામાં આવેલું. ઉડિયાબાબા એમાં જ નિવાસ કરતા.

ઉડિયાબાબાએ સૌને બે હાથ જોડીને મસ્તક નમાવીને નમસ્કાર કર્યા. સામાન્ય રીતે સંતપુરુષો બીજાને એવી રીતે નમસ્કાર કરવાનું ઓછું પસંદ કરતા હોય છે. અમારી સાથેના પ્રવાસીઓ એમની એ વિનમ્રતાને વિલોકીને આશ્ચર્ય પામ્યા. ઉડિયાબાબાએ શાંતિપૂર્વક છતાં પણ ભાવભરપૂર ભાષામાં મને જણાવ્યું કે તમે આ સ્થળમાં વરસો સુધી વસવાટ કરેલો એ જાણીને તમને મળવાની ભાવના થયેલી. ઈશ્વર કૃપાથી એ ભાવના આજે પૂરી થઇ.

અમારી સાથેના સૌ કોઇએ એમના ચરણે પૈસા અર્પણ કર્યા. એમને એ પૈસા ગ્રહણ ના કર્યા. એ સંદર્ભમાં અમારી સાથેના પંડાભાઇઓએ કેટલોક પ્રકાશ ફેંક્યો. એમણે કહ્યું કે ઉડિયાબાબા ગામમાં પણ નથી આવતા. લોક સંપર્કની અભિરુચિ એમને જરાપણ નથી. કોઇની પાસે એ કશું માંગતા પણ નથી. કોઈ સહજ રીતે પ્રેમભાવે કશુંક પહોંચાડે



તો આવશ્યકતાનુસાર સ્વીકારે છે. વધારે ભાગે તો મગની દાળ પર અથવા કશું ના હોય તો પાંદડાં ખાઈને જીવન ગુજારે છે. એ ઈશ્વરપરાયણ થઇને કેવળ આકાશવૃત્તિથી જ જીવે છે. કોઇની પણ લાલસા, વાસના કે અપેક્ષા નથી રાખતા.

એમની અને એમના આશ્રમની વિદાય લેતી વખતે આંગણામાં આવીને એ મહાપુરુષ ભારે નમ્રતાપૂર્વક પ્રેમથી પરિપ્લાવિત હૃદયે મારી આગળ ઊભા રહ્યા. એમણે પૂર્ણપણે તપતા સૂર્ય તરફ દૃષ્ટિને સ્થિર કરીને મનોમન કાંઇક બોલવા માંડયું. સૂર્યનો પ્રખર પ્રકાશ એમને આંજી શકતો ન હતો. એમણે સૂર્યોપાસનાની કોઈ સામાન્ય સિદ્ધિ મેળવી હોય એવું લાગવા માંડયું. સૂર્ય સામે એકધારું જોયા પછી એ મારી તરફ ફર્યા અને મને બે હાથ જોડીને પગે લાગ્યા. એમના મુખ મંડળ પર સુમધુર સંમોહક સ્મિત ફરી વળ્યું. એ બે હાથ જોડીને મારા તરફ જોઇ રહ્યા અને સત્વર, વિપળના ય વિલંબ વિના ધીમા છતાં સરસ સ્વરમાં બોલ્યા : ' તમે રામકૃષ્ણ છો, તમે રામકૃષ્ણ ફરી આવ્યા છો. '

એમના શબ્દો સાંભળીને મને ખૂબ જ નવાઈ લાગી. નવાઇ લાગે એ સ્વાભાવિક હતું. કેવો અચિંત્ય, અલૌકિક અવનવો અનુભવ ! અને એ પણ કેટલી બધી આકસ્મિક રીતે થયો ! હું રામકૃષ્ણ છું તેની માહિતી એમને કેવી રીતે મળી ?

ઈ. સ. ૧૯૪૪ માં મને મારા પૂર્વજન્મની માહિતી મળી ત્યારથી માંડીને આજ સુધી સૂક્ષ્મ શરીરધારી, સમાધિ જેવી અવસ્થામાં એનો લાભ આપનારા મહાત્મા પુરુષો તો કેટલાય, અવારનવાર અને અનેક મળ્યા. પરંતુ જીવંત મહાપુરુષો-

માંથી કોઈએ જાગૃતિમાં એ જ્ઞાન પૂરું પાડયું હોય એવો પ્રસંગ તો આ બીજો જ હતો.

એ પ્રસંગને અત્યાર સુધી હું અનેકવાર વાગોળતો રહ્યો છું. મારે માટે એ ખૂબ જ પ્રસન્નતા પ્રદાયક તેમજ પ્રેરક થઇ પડયો છે. ભારત વર્ષ આજે પણ આધ્યાત્મિક રીતે આધ્યાત્મિક મહાપુરુષોમાં જગતમાં જીવે છે ખરું. ઉડિયાબાબા જેવા તપઃપૂત પરમ પ્રતાપી પરમાત્મપરાયણ મહાત્મા પુરુષ એની પરિતોષપ્રદ પ્રતીતિ કરાવે છે. એમને સાદર સસ્નેહ વંદન કરીએ.

### (૨) મોરારજીભાઇનો મેળાપ

શ્રી મોરારજી દેસાઇને મળવાનો સુયોગ ઇ. સ. ૧૯૭૦ ના આરંભમાં અનાયાસે પ્રાપ્ત થયો. મુંબઇમાં એ એમના સુપુત્રને ત્યાં ઊતરેલા. ત્યાંથી એમણે કહેવડાવ્યું કે હું તમને મળવા આવીશ તો લોકો ભેગા થશે માટે તમે જ આવો તો સારું. એટલે અમે એમને મળવા ગયા. પ્રેમકુટિરનો અમારો ઉતારો એમના ઉતારાની તદ્દન પાસે હતો.

એમણે અમને સત્કાર્યા. એ શાંતિપૂર્વક બેઠેલા. એમના મુખમંડળ પર વેદના છવાયલી. દેશની પ્રવર્તમાન પરિસ્થિતિથી એ પીડિત દેખાયા. એમની સાથેની વાતચીતથી એની સ્પષ્ટતા થઇ. તાજેતરની ઘટનાઓએ એમને અસાધારણ અસર પહોંચાડેલી. એમણે વાતવાતમાં કહ્યું : મોટા ભાગના લોકો હજુ પણ સાચું સમજતા નથી, પછી શું થાય ? વખત વીતશે ને જેમ જેમ અનુભવ મળશે તેમ તેમ સમજશે. એને માટે ઈશ્વરને પ્રાર્થના કરવી રહી. બીજો કોઇ રસ્તો નથી.

એમના ખંડમાં એક બાજુ રમણ મહર્ષિનો ફોટો પડેલો. એમણે એ તરફ દૃષ્ટિપાત કર્યો. સંભવ છે કે એમને એમના તરફ શ્રદ્ધા હોય. (ક્રમશઃ)



પ. પૂ. માશ્રી સર્વેશ્વરીના

# જન્મદિનની અનોખી ઉજવણી

નારાયણભાઈ જાની

સાંસારિક જીવન વ્યવહારમાં પણ છોકરાઓ પોતાની માનો જન્મદિન ઉજવતા હોય છે. પરંતુ હરદ્વારના પવિત્ર-તીર્થના ગંગામૈયાના પુનિત પ્રવાહના કાંઠે પ. પૂ. માશ્રી સર્વેશ્વરીનો જન્મદિન ૧૩ મી નવેમ્બર ઉજવવા ૪૬ જેટલા સાધકો ગુજરાતના ખૂણે ખૂણેથી–તો છેક મુંબઇથી પણ આવ્યા છે. સંસારિક માતાથી ઉલટું સાધકોની આ આધ્યાત્મિક માવડી–એમને સંસારમાં બાંધવા કે ફસાવા નહિ, પણ સત્સંગમાં જોડવા, આધ્યાત્મિક માર્ગે દોરવા જે ભગીરથ પ્રયાસ કરી રહી છે, તેની ઉજવણીમાં આજે મશગુલ બન્યા છે. સાથે સાથે શ્રી શાન્તિભાઈ કનેરિયાના શુભ સંકલ્પની પૂર્તિ અર્થે આજે પ. પૂ. શ્રી યોગેશ્વરજીએ રચેલ રામચરિત માનસના સમૂહ પારાયણ પાઠનો પ્રારંભ પણ પૂ. મા કરવાનાં છે.

પૂ. મા પાસે આજે સાધકોએ માગી લીધું છે, કે ‘ હે મા આજની સવારનો સમય અમારો. અમે જે ઉજવણીનું આયોજન કરીએ, તેમાં આપે હાજર રહેવાનું. ભલા કયી મા એવી હશે કે જે ભલા ભોળા બાળકોની લાગણીભરી માગણી ઠુકરાવે ! ”

પોતાના જન્મદિનની ઉજવણી અમદાવાદ, વડોદરા કે સુરત જેવા શહેરમાં ધામધૂમથી સાધકો ન કરે તે માટે તો

માએ છેક હરદ્વાર સુધી દૂર ચાલી જવાનું વિચાર્યું છે. કારણ કે પૂ. શ્રી ગુરુદેવની જેમ પૂ. માને પણ ગંગાનો કાંઠો ને એનો પુનિત પ્રવાહ બહુ ગમે છે.

હરદ્વારના આર્યનિવાસના ગંગાકાંઠાના ઘાટની સાધકોએ આખી રાત જાગીને ભારે સજાવટ કરી છે. સામે કાંઠેથી જોનારને એવું લાગે કે જાણે અહીં કોઇ મોટી ઉજવણીનું આયોજન થઇ રહ્યું છે, કોઈ ઉત્સવ કે પર્વનો પ્રારંભ મંડાઈ રહેલો જણાય છે.

પૂ. શ્રી યોગેશ્વરજીના હજારો સાધક અનુયાયીઓમાંથી, ગંગાનું પવિત્ર સ્નાન અને રામાયણની પુનિતગાથા સાંભળવાનું સૌભાગ્ય પ્રભુએ જેમના ભાગ્યમાં લખ્યું છે એવા જીવનના વિવિધ ક્ષેત્રોના સાધક ભાઇબહેનો ભેગાં થયાં છે. નિવૃત્ત અધિકારીઓ, પરદેશમાં વસતા સાધકો, પ્રાધ્યાપકો, શિક્ષકો, યુવાનીમાં પ્રવેશ કરતી કન્યાઓ તો ગૃહસ્થાશ્રમમાં સ્થિર થયેલી ગૃહીણીઓ-ને વાનપ્રસ્થાને આરે પહોંચેલાં યુગલો પણ છે. કોઇ પણ નાતજાતના ભેદભાવ વગર બધા એક જ નાતે જોડાયેલા છે-અધ્યાત્મના. એક આધ્યાત્મિક માના સહુ બાળકો છે એમને માટે અહીં ગંગાના કાંઠે સત્સંગ સિવાય-જીવનની સર્વ પ્રવૃત્તિઓ સ્થગિત થઈ ગઈ છે.

પોતાના જન્મ દિવસે ભારતભરમાં છેક મસૂરીથી માંડી, મદ્રાસના છેડે વસતા સાધકોને પૂ. મા યાદ કરે છે એટલું જ નહિ પરદેશમાં ઇંગ્લેન્ડ, કેનેડા કે અમેરિકામાં વસતા સાધકોને મનથી શુભાશીષ પાઠવતી માને થાય છે, "આજે અહીં ભેગા થયેલા થોડા સાધકો વડે આ ઉત્સાહભર થતી ઉજવણીનો થોડો પ્રસાદ-કેસેટ દ્વારા મોકલી શકયા હોત તો



કેવું સારૂં ? શ્રી માલતીબેનને તા. ૧૨ મીની રાત્રે આવી એક કેસેટ ખરીદી લાવવા પણ કહે છે. પરંતુ દુકાનો બંધ થઈ જવાથી તે મળતી નથી. પરંતુ પૂ. માનો શુભ સંકલ્પ વિફળ થોડો થાય ! કોઇ બહેન આવી કહે છે, "મા-કાલના આપના કાર્યક્રમની વિડિયો ઉતારવાનું આયોજન શ્રી શાન્તિભાઈએ કર્યું છે. જાણી પૂ. માને આનંદ થાય છે. પ્રભુ, પૂ. માનો નાનો સરખો સંકલ્પ પણ પૂરો કરાવે છે. કેવી છે આ આધ્યાત્મિક ગતિવિધિ ? કોણ સમજી શકે ?

હરદ્વારનાં આર્ય નિવાસના ઘાટે પૂ. મા પૂ. શ્રી યોગેશ્વરજીની પ્રતિકૃતિ સાથે પધારે છે. બે બહેનો આગળ ને બે બહેનો પાછળ માથે કળશ લઇને પૂ. માને એમના ઉતારાથી નીચે દોરી જાય છે. પૂ. માને આજે ૧૩૪૦ મો ઉપવાસનો દિન છે. વળી આજે નિર્જળા છે. ઘાટ ઉપર પૂ. મા તેમજ ગુરૂદેવ શ્રી યોગેશ્વરજીની અમેરિકાથી આણેલી છ ફુટ × ચાર ફુટની જીવંત લાગતી પ્રતિકૃતિ પધરાવેલી છે.

શ્રી શાન્તિભાઈ ને લાભુબેન પૂ. ગુરૂદેવ અને પૂ. માની પ્રતિકૃતિઓનું શાસ્ત્રોકત વિધિથી પૂજન કરે છે. શ્રી વિજયભાઈ પંડિત ભાવવિભોર બની આ પૂજન કરાવી રહ્યા છે.

પૂ. માના ૪૫મા વર્ષ ના શુભપ્રારંભે આર્યસમાજના મેનેજર શ્રી રમેશભાઈ ઠાકર, શ્રી કુમુદચંદ્ર ત્રિવેદી, શ્રી લલિતા પ્રસાદજી, શ્રી જયેન્દ્રભાઇ પુરોહિત, શ્રી નારાયણભાઇ જાની, શ્રી વિજય પુરોહિત, શ્રી બાપજી, શ્રી ગોરધનભાઇ કલોલા, શ્રી માલતીબેન, શ્રી મંજુલાબેન ભાવસાર વગેરેએ પૂ. માને માટે મંગલ ભાવનાઓ પ્રદર્શિત કરી પ્રભુને પ્રાર્થના કરી કે પૂ. માનું ઈપ્સિત ધ્યેય પ્રભુ જલ્દી પૂર્ણ

કરાવે. શ્રી પુષ્પાબેન ત્રિવેદીએ સુરીલા કંઠે પૂ. શ્રીની આરતી ગવડાવી.

પૂ. માનું આજનું ઉદ્‌બોધન અપૂર્વ હતું. પહેલાં પૂ. માએ માત્ર બે ત્રણ ભજન ગાઇને આજનો કાર્યક્રમ પૂરો કરવા વિચારેલું. પરંતુ પ્રભુની ઇચ્છા તો જુઓ! પૂ. મા સતત દોઢ કલાક બોલતાં રહ્યાં. પૂ. શ્રીએ સને ૧૯૭૭ થી તેઓના જીવન વિષે જે જે આગાહીઓ પત્રોમાં કરેલી એનું સંક્ષિપ્ત વાંચન પૂ. માએ ભક્તો સમક્ષ કર્યું; જે આજના સંદર્ભમાં કેટલું બધું યથાર્થ ઠર્યું છે, તે પૂ. શ્રીની અલૌકિક આત્મશક્તિના પરિચયરૂપ હોઈ, સાધકોને ખૂબ આનંદ થયો. એનો થોડો સંક્ષેપ જાન્યુ–૮૮ ના અંકમાં આપીશું.

પૂ. માના ૪૫ મા જન્મદિન નિમિત્તે શ્રી શાન્તિભાઈ કનેરિયાએ પૂ. માના ચરણોમાં રૂા. ૪૫૦૦/–અર્પણ કર્યા. કેવો અદ્‌ભુત ભાવ! શ્રી શાન્તિભાઈ ખરેખર પૂ. શ્રી તેમજ પૂ. માના શ્રદ્ધાળુ પ્રેમી ભક્ત છે. ધની હોવા છતાં, એઓ તથા તેમનાં ધર્મપત્ની લાભુબેન ખૂબ સરળ, સાદાં ને નિરાભિમાની છે. ધનની પ્રાપ્તિએ જેમના મનને અભિમાની ન કર્યું હોય, તેમણે પ્રભુની કૃપાજ સમજવી. સત્સંગ કે સંતકૃપા સિવાય એવી કૃપા પ્રાપ્ત થતી નથી.



# રામકથા

(ગતાંકથી ચાલુ)

**યોગેશ્વરજી**

[ શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા ]

‘ એ સાચું છે પરંતુ એ માગણી તદ્દન અનુચિત અથવા અન્યાયી હોવાથી મારાથી એનો સ્વીકાર કોઇપણ સંજોગોમાં નહિ કરી શકાય. મારી માતાએ કરેલી ભૂલનો ભોગ મારે બનવું જ જોઇએ એવો આગ્રહ ના રાખી શકાય. એ ભૂલને સુધારવાનો બનતો પ્રયત્ન હું કરી છૂટીશ અને તમારા આશીર્વાદ હશે તો સફળતા પણ મેળવી લઇશ. ’

‘ કેવી રીતે ? ’

‘ મારો પહેલો સંકલ્પ તો એ છે કે હું અયોધ્યાની રાજગાદીનો સ્વીકાર નહિ કરું. મારો રાજ્યાભિષેક કોઇપણ સંજોગોમાં નહિ થવા દઉં. એનું કારણ સ્પષ્ટ છે અને તે એ કે જેના પર મારો ન્યાયોચિત અધિકાર નથી તેને મેળવવાની ઇચ્છા મારી અંદર નથી પેદા થતી. એની સાથે સાથે મારી માતા કૈકેયીના પાપનું પ્રાયશ્ચિત કરીને રામને સમજાવી, પ્રાર્થી કે વીનવીને અયોધ્યામાં પાછા લાવવાનો બીજો સંકલ્પ પણ મેં કરી લીધો છે. ’

વસિષ્ઠે પૂછ્યું : ‘ તમારો એ સંકલ્પ ફળશે અને રામ વનવાસને બાજુએ મૂકીને અયોધ્યામાં પાછા ફરશે એવો તમને વિશ્વાસ છે ? ’

ભરતે કહ્યું : ‘ એવા વિશ્વાસથી પ્રેરાઇને જ હું એવો અસાધારણ સંકલ્પ સેવી રહ્યો છું. મારી સાથે જો સમસ્ત અયોધ્યાવાસીઓનો સંકલ્પ, સ્નેહ અને સદ્‌ભાવ ભળશે તો રામ જરૂર પાછા ફરશે. એમનું હૃદય સુકોમળ છે એટલે એ અયોધ્યાના પ્રજાજનોના સંયુક્ત આગ્રહને પાછો નહિ ઠેલી શકે. ’

'છતાં પણ પિતા પ્રેમી કર્તવ્યપરાયણ રામ એવા આગ્રહ આગળ નમતું જોખશે કે કેમ એ શંકા છે.'

'એવી શંકા થતી હોય તો પણ શક્ય તેટલો બધો જ પ્રયાસ કરવો એ આપણો ધર્મ છે. એવા પ્રયાસને પરિણામે જ મને શાંતિ વળી શકશે. રામ વનમાં રહે, કષ્ટો ભોગવે, અને હું અહિં રહીને રાજ્યસુખનો ઉપભોગ કરું એ મને જરા પણ નથી ગમતું. એ રાજ્યસુખનો ઉપભોગ મને ઝેર જેવો મારક લાગે છે. રામ, સીતા ને લક્ષ્મણ વિનાની અયોધ્યાનગરી મને નીરસ તથા સૂકી લાગે છે. એમાં મને કશું જ સુખ નથી દેખાતું. જે ક્ષણ વીતે છે તે મારે માટે ભયંકર યંત્રણાનું કારણ બનતી વીતી રહી છે. મને જરાપણ ચેન નથી પડતું, દિવસે કળ નથી વળતી ને રાતે ઊંઘ નથી આવતી આખો વખત એમ થયા કરે છે કે કયારે રામની પાછળ વનમાં જઉં, રામની રસીલી આહ્લાદક અમૃતમય આકૃતિનું દર્શન કરું, ને મારા રોમેરોમમાં શીતળતા અને શાંતિ ભરું! રામ વિના જીવવાનું મને છેક જ અકારું અને અશાંતિભર્યું લાગે છે. રામને જોયા વિના તથા પાછા લાવ્યા વિના મને સહેજે શાંતિ નહિ વળે.'

ભરતના શબ્દોમાં જે પવિત્ર પ્રેમ ટપકતો'તો તેણે મહર્ષિ વસિષ્ઠના હૈયાને હલાવી દીધું.

ભરતનો ભાવ નિષ્કપટ અને પ્રખર હતો.

એના પારદર્શક પ્રેમથી વસિષ્ઠ પ્રભાવિત બની ગયા.

ભરતના વિચારો એમને પસંદ પડ્યા.

શત્રુઘ્ન પણ એ વિચારો સાથે સંમત થયો.

ઊર્મિલા, સુમિત્રા, કૌશલ્યા તથા કૈકેયીને સુમંત્રે પણ એમનું સમર્થન કર્યું.

બીજે દિવસે મહર્ષિ વસિષ્ઠની સૂચનાથી રાજ્યસભા બોલાવવામાં આવી. તેમાં ભરતે પોતાના વિચાર કહી બતાવ્યા.



સભાજનો ભરતનો દૈવી પ્રેમ પેખીને ચકિત બની ગયા ને ભરતની પ્રશંસા કરવા લાગ્યા.

પ્રજાજનોના બધા જ વિભાગો કે વર્ગો તરફથી એના વિચારોને અનુમોદન મળ્યું.

લોકો કહેવા લાગ્યા :

'ભરત બીજું કહે પણ શું? એમને માટે એજ ઉચિત છે.'

'રાજ્યસુખને તૃણવત્ સમજીને ત્યાગવાનું કઠિન કાર્ય તો રામ કે ભરત જેવા કોઈ વિરલા જ કરી શકે.'

'ધર્મને નીતિના માર્ગને અનુસરીને ભરતે પોતાના જન્મને ધન્ય કરી દીધો.'

'ભરતના રામ પ્રત્યેના પ્રેમનું વર્ણન મોટા મોટા પંડિતો કે કવિજનો પણ ના કરી શકે. એ પ્રેમ ખરેખર અજબ છે.'

સભાજનોની સંમતિથી ભરતે સૌની સાથે રામને પાછા લાવવા માટે વનમાં જવાનો નિર્ણય કર્યો.

## ચિત્રકૂટનું દર્શન

ભરતનો નિર્ણય ભરતના શીલ તથા સ્વભાવને અનુકૂળ જ હતો. એ નિર્ણય એના સંતપ્ત અંતરને માટે થોડોક શાંતિદાયક થઈ પડ્યો. અયોધ્યાના પ્રજાજનોએ એને સાથ આપ્યો એથી તો એનું અંતર આશાનાં ઉત્તુંગ તરંગોમાં ઉછળી રહ્યું. એને થયું કે ભાગ્યદેવતાની પોતાના પર કૃપા છે, નહિ તો આવી રીતે સૌનો સંયુક્ત સાથ અને મહર્ષિ વસિષ્ઠના અંતરના અમુલખ આશીર્વાદ ના મળે. એણે રાજપુરુષો, રાજસેવકો તથા વિશાળ સેના સાથે વનમાં જવાની તૈયારી કરવા માંડી.

ઊર્મિલાને એ સમાચાર સાંભળીને અત્યંત આનંદ થયો એટલે ભરતને અભિનંદન આપતાં એ બોલી ઉઠી : 'તમારો નિર્ણય ખૂબ જ સમયસરનો અને પ્રશસ્ય છે. તમારી સાથે આવનારી અયોધ્યાની પ્રજા એ રીતે રામને માટેનો પોતાનો પ્રખર પ્રેમ બતાવવાનો અવસર મેળવી શકશે અને રામને પોતાના

અંતરના અંતરતમમાંથી વિનવી શકશે.

'મારો ઉદ્દેશ એજ છે.' ભરતે કહ્યું. 'અને એ ઉદ્દેશ પૂરો થતા સંભવ છે કે રામ પોતાના નિર્ણય પર પુનઃવિચારણા કરે. પ્રજાનો પ્રેમ આખરે એમને ઓછાવતા પ્રમાણમાં સ્પર્શે તો ખરો જ. પરંતુ એક વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે. રામ ભારે નિશ્ચયબળવાળા તેમજ સત્યપ્રતિજ્ઞ છે. એમને વનમાં જવાના નિશ્ચયમાંથી રાજા દશરથની વેદના અથવા સીતા કે માતા કૌશલ્યાની મમતા પણ નથી ચળાવી શકી. પોતાના કર્તવ્યપાલન આગળ એમણે પ્રજાની પીડાનો વિચાર પણ નથી કર્યો. એટલે આપણા અનુનયને માન આપીને એ પાછા ફરશે એવું કહેવું વધારે પડતું છે. છતાં પણ આપણને, અને ખાસ કરીને તમને, કર્તવ્ય બજાવ્યાનો સંતોષ મળશે.' (ક્રમશઃ)

---

(ટાઈટલ ૨ નું ચાલુ)

૧૦૦-૦૦ એક સાધકભાઈ તરફથી.

૨૨૧-૦૦ શ્રી ડી. ડી. સુથાર, યુ. કે. ૧૯૮૬ના નવેમ્બરમાં ખોવાયેલ વસ્તુ પૂ. શ્રી યોગેશ્વરજીનું નામ સ્મરણ કરવાથી મળી તેની ખુશાલીમાં (ક્ર. ૧૦).

૨૫૭-૫૦ ગંગાપૂજન નિમિત્તે હરદ્વારમાં સાધકોએ આપેલ રકમમાંથી વધેલ.

૧૦૧-૦૦ શ્રી પ્રકાશચંદ્ર તથા સતીશચંદ્ર મગનલાલ જાની, વડોદરા-સ્કુટર અકસ્માતમાંથી ઉગરી જતાં, હા. હરિગંગાબેન.

૩૭૫-૦૦ અમેરિકાના ત્રણ ગ્રાહકો તરફથી.

૫૦-૦૦ શ્રી કસ્તુરભાઇ તેમજ શ્રી ભગવતીબેન પટેલ અમદાવાદ તરફથી જન્મદિન નિમિત્તે.

૧૧-૦૦ શ્રી જાદવજી વેલજી પટેલ, મોરબી.

૫૧-૦૦ શ્રી મંગળભાઇ પંચાલ, અમદાવાદ.

સત્કર્મના સહભાગી થવા બદલ સહુને અભિનંદન.


સંપૂર્ણ કરમુક્ત વ્યાજ, કરરાહતના લાભ તથા સંપત્તિ વેરામાંથી સંપૂર્ણ મુક્તિ માટે જાહેર ભવિષ્યનિધિ (પી. પી. એફ)માં નાણાં રોકો

વાર્ષિક ૧૨% કરમુક્ત ચ. વૃ. વ્યાજ

- ૧૫ વર્ષીય જાહેર ભવિષ્યનિધિ (પી. પી. એફ)માં નાણાંકીય વર્ષમાં રૂા. ૧૦૦ થી રૂા. ૬૦,૦૦૦ એક સાથે અથવા ૧૨ સરળ હપ્તેથી રૂા. ૫ના ગુણાંકમાં નાણાં રોકો.
- સ્વયં રોજગાર મેળવનાર માટે અમૂલ્ય તક.
- વાર્ષિક ૧૨% સંપૂર્ણ કરમુક્ત ચ. વૃ. વ્યાજ.
- રોકાણ સંપત્તિવેરામાંથી મુક્ત.
- રોકાણ અદાલતી ટાંચ કે જપ્તિમાંથી મુક્ત.
- વારસ નિયુક્તની સગવડ

: લોન/ઉપાડની સગવડ :

- ત્રીજા નાણાંકીય વર્ષમાં સહુ પ્રથમ લોન મળી શકશે.
- છઠ્ઠા નાણાંકીય વર્ષથી દર વર્ષે એક વખત ઉપાડની સગવડ.
- (૧) વ્યક્તિગત (૨) હિન્દુ અવિભક્ત સંયુક્ત કુટુંબના કર્તા તરીકે (૩) સગીરના વાલી તરીકે તથા (૪) "એસોસિએશન ઓફ પરસન" અથવા "બોડી ઓફ ઈન્ડીવીડયુઅલ" વતી એમ ચાર પ્રકારના ખાતા ખોલાવી શકાય છે.
- અન્ય માન્ય જામીનગીરી સહિત ઉપરોક્ત ચારેય ખાતાની જે તે કરપાત્ર આવકમાંથી આવકવેરા ધારાની કલમ ૮૦-સી હેઠળ વાર્ષિક રૂા. ૪૦,૦૦૦ સુધી કપાત રાહત મેળવા.
- હેડ પોસ્ટ ઓફિસ/સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા કે તેની સહાયક બેંક/રાષ્ટ્રીય બેંકની નિયુક્ત શાખામાં ખાતુ ખોલાવો.
- બેંક કે હેડ પોસ્ટઓફિસની એક શાખામાંથી બીજી શાખામાં કે અરસપરસ ખાતાની ફેરબદલી થઇ શકે.

-સચિવ, (આબા.) નાણાં વિભાગ, ગુજરાત.

-માહિતી

ADHYATMA Regd. No. GBV 115

# દિલ અને દિમાગને ખુલ્લાં રાખો

કેટલાક માણસો હૃદય ને મનને બિલકુલ બંધ કરી રાખે છે. એટલે કે નવા વિચારો ને નવી હવા માટે કોઇ અવકાશ કે તક રાખતા નથી. પોતે પસંદ કરેલા ને સેવેલા જૂના વિચારોનું જતન કરીને જળોની જેમ જાળવવામાં જ તેમને આનંદ આવે છે. તે વિચારોને તપાસવાની કે મૂલવવાની ટેવ તેમને પસંદ નથી હોતી. તેવા પ્રયાસનો તેમને ભારે અણગમો પણ હોય છે. પરિણામે કેટલાક મિથ્યા વિચારોને તે વળગી રહે છે, ને સારા વિચારોથી વંચિત રહે છે. જેને સત્યની પ્રાપ્તિમાં ને જીવનના વિકાસમાં રસ છે, તેણે તેની વૃત્તિથી દૂર ને ચેતતા રહેવાની જરૂર છે. સત્યને ગ્રહણ કરવા ને સમજવા દિલને ખુલ્લું રાખવાની અનિવાર્ય આવશ્યકતા છે. બધા પ્રકારના પૂર્વગ્રહથી મુક્ત બનવાની ને નવા વિચારના પ્રવેશ માટે હૃદયનાં બારી બારણાંને ખુલ્લાં રાખવાની જરૂર છે. મોહ-નવા ને જૂના કશાનો ના હોવો જોઇએ. પણ વિવેક બન્નેના સંબંધમાં લાગુ પાડવો જોઇએ. તો જ જે સાચું હોય તે સમજાય, વિચારાય ને અપનાવાય. માણસે-ખાસ કરી જીજ્ઞાસુએ આટલું જાણી લેવાની ખાસ જરૂર છે.

—યોગેશ્વરજી

રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર.
પ્રાપ્તિસ્થાનઃ– પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧